કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૨ • જુલાઈ૨૦૨૩




પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧



સીડની બ્લેકટાઉન મંદિરમાં  આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



રાલે (અમેરિકા) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાપ.પૂ. લાલજી મહારાજશ્રી



સીડની કીંગ્સપાર્ક (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં  સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ન્યૂયોર્ક સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાશ્રી



કોલોનિયા ( અમેરિકા) મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



વિસનગર મંદિરમાં ઉત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૬ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૨ ● જુલાઈ-૨૦૨૩

## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. અમૃત વચનો ૦૬

૦૪. મોખાસણ ૧૦

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૧

૦૬. ભક્તિસુધા ૧૨

૦૭. અધિક શ્રાવણ માસમાં વિશેષ આયોજન ૧૪

૦૮. સત્સંગ સમાચાર ૧૫





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

વર્ષાઋતુનું આગમન દેશના ઘણા વિસ્તારમાં થઈ ચૂક્યું છે. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. જો સારો સાનુકૂળ વરસાદ થાય તો ખેતપેદાશ ખૂબ સારી થાય. આપણા દેશના ખેડૂતો સારો વરસાદ થાય તો ઘરે લાપસીના આંધણ મૂકી પોતે જમે અને ધરતીપુત્ર બળદને પણ સારું ખવડાવે. જો કે હવે આધુનિક ખેતીના ઓજારો ટ્રેકટર અને અન્ય સાધનો વડે ઘણી ખરી ખેતી થાય છે. હવે તો સમય ઓર્ગેનિક ખેતી કરવાનો છે. જેનાથી જીવ, પ્રાણી માત્રનું હિત જળવાશે અને એના વગર છૂટકો પણ નથી. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા અનેક પ્રસંગોમાં ઓર્ગેનિક ખેતી ઉપર ખૂબજ ભાર મૂકે છે અને સત્સંગીઓને પણ આ વિશે ખાસ ભલામણ સૂચન કરતા હોય છે, અને ખાસ વિશેષ પર્યાવરણની જાળવણી સમગ્ર વિશ્વને માટે યક્ષપ્રશ્ન છે. અમારી સમસ્ત સત્સંગને ખાસ ભલામણ અને સૂચન છે કે એક વ્યક્તિ દીઠ એક વૃક્ષ મોટું થાય ત્યાં સુધી તેનું જતન કરજો. વૃક્ષારોપણ આપણે ટી.વી.માં કે કેમેરામાં બતાવવા પુરતું સિમિત ન રાખતા. વાવ્યા પછી ઓછામાં ઓછા પાંચ વર્ષ આપણા બાળકના ઉછેરની જેમ તેને સાચવજો, તેને મોટું કરજો. આ દેશની એક મોટામાં મોટી સેવા ગણાશે. આટલું દરેક હરિભક્તો ચોક્કસ કરજો. ચાતુર્માસમાં શ્રીહરિએ આપણને જે આઠ નિયમમાંથી કોઈ એક નિયમ લેવાની આજ્ઞા કરી છે તેની સાથે આ પણ એક નિયમ ગણી લેજો.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી**
**પુરૂષોતમપ્રકાશદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જૂન-૨૦૨૩)**

૪ અમદાવાદ મંદિરમાં પરકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૮-૯ શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ (ઓસ્ટ્રેલિયા) સત્સંગ સભા અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦-૧૧ સિડની કિંગ્સપાર્ક સત્સંગ સભા પ્રસંગે પધરામણી તથા શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની બ્લેક ટાઉન સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૩ થી ૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. ડેરીમીટ (ઓસ્ટ્રેલિયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી. બોરોનીયા (ઓસ્ટ્રેલિયા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૬ થી ૧૭ ગ્રીફિથ (ઓસ્ટ્રેલિયા) સત્સંગ સભા અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર એડીલેડ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જૂન-૨૦૨૩)**

૪ અમદાવાદ મંદિરમાં પરકૃપાળુ શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે અમદાવાદ શહેર શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર પોતાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ.

૭ ન્યુ રાણીપ શ્રી કષ્ટભંજનદેવ મંદિર, શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧ થી ૨૧ અમેરિકા સત્સંગ પ્રવાસ - શ્રી સ્વામિનારાયણ મંદિર પારસીપની, ન્યુયોર્ક સત્સંગ સભા અને શિલા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. શ્રી સ્વામિનારાયણ મંદિર રાલે પાટોત્સવ બાયરન (અમેરિકા) પાટોત્સવ પ્રસંગે પધરામણી

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) વિસનગર શ્રીહરિ મંગલ પ્રવેશ મહોત્સવ પ્રસંગે પધરામણી.



# અમૃત વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)



**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સરલી (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે તા. ૦૬-૦૫-૨૦૨૩ :** મહંત સ્વામીએ કહ્યું, આ મૂર્તિનું દર્શન કરજો અને અંતરમાં ઉતારજો. બહુ અઘરું છે. મહારાજે પ્રથમના પહેલા વચનામૃતમાં કહ્યું, મૂર્તિ અંતરમાં રાખવી, ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી એ કઠણમાં કઠણ સાધન છે અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી. એ સાધન કરવા માટે આપણે અહીં એકત્રિત થયા છીએ. **પાછળના જે ૨૭૨ વચનામૃત છે એ પહેલું વચનામૃત સમજાવવા માટેના છે. કેવો ભક્ત દેહ છોડીને ધામમાં જાય છે ? કઠણમાં કઠણ સાધન ક્યું ? આ બધી જે ખૂબ પાયાની વસ્તુ છે એ સમજાવવા માટે પાછળના ૨૭૨ વચનામૃત છે.** ઘણા લોકોને ખ્યાલ નથી હોતો એટલે સતત વાંચતા રહે છે પણ **It is expose to explain first one, all the remaining Vachnamrut. આ રેફરન્સથી વાંચો તો બધી લાઈટો ખુલી જાય. (આ વચનામૃતમાં આપણા ઈષ્ટદેવના શબ્દો છે કે ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે... તે દેહને મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે. ધર્મકુળ એટલે ધર્મદેવનું કુળ, સ્વામિનારાયણ ભગવાન અને ત્યાર પછી તેમણે સ્થાપેલી ધર્મવંશી આચાર્ય પરંપરા, આટલી સરળ વાત પણ જેને પાપ આડા આવતા હશે તે નહીં સમજી શકે, પુણ્યશાળી દૈવી જીવ હશે એ એક ટકોરમાં સમજી જશે).**

આપણા જીવનમાં ઘણા લોકો આવે છે. જગતમાં કોઈ વ્યક્તિનું લગ્ન થાય, દીકરો થાય એટલે એક વ્યક્તિ વધે છે. સંબંધ થાય એટલે માણસના સ્વભાવમાં ફેરફાર થઈ જાય છે, એ તમે જાણો છો. લોકો નથી કહેતા કે ફલાણા ભાઈ સાવ બદલાઈ ગયા. તો ભગવાન જેવા ભગવાન આપણા જીવનમાં આવ્યા પછી આપણામાં શું ફેરફાર થયો આટલો જ મારો પ્રશ્ન છે. ભગવાન મળ્યા પછી એવા ને એવા જો નીસરી જઈએ તો આપણું કામ થયું નથી. કંઈક તો આનંદ, ઉત્સાહ, ઉમંગ થવો જોઈએ ને? આ બધો મહિમાનો સત્સંગ છે. સંતો અને આપ સૌના પ્રયત્ન, પરિશ્રમ અને સહયોગથી આજે મંદિરમાં ભગવાન બિરાજમાન થયા તો હવે એ ભગવાન આપણા જીવનમાં, આપણા હૃદયકમળમાં રહે એવો પુરુષ પ્રયત્ન આપણે કરવાનો છે. **મહારાજે કહ્યું ને મૂઠી જેટલું તમારું હૃદય છે. અને એ હૃદયમાં અમારે રહેવાની જગ્યા છે. મહારાજને રહેવા માટે એક તો હૃદયકમળ, બીજું આપણું ઘર અને ત્રીજું મંદિર છે.** ઘર માટે દેવપ્રકાશ સ્વામીએ હમણા સરસ વાત કરી અને એ આપણા ભુજ મંદિરની પરંપરા છે. મેં પણ હમણા ૨૦૦ વર્ષના ઉત્સવમાં આ વાત કરી હતી. (હરિભક્તોને સાચવવા સંતો દૂનિયાના ખૂણે ખૂણે જાય છે) તેમ છતાં કઈ લાય લાગે છે ? **બીજાને ઉપાડીને શા માટે લાવીએ છીએ ? ચોખ્ખું કહું છું તમને. કઈ ઉણપ લાગે છે ? શું અધૂરું રહી ગયું છે ? નરનારાયણ દેવ દુબળા પાતળા છે ? જે હોય તે બોલો. તો પછી લપસી શું કરવા જઈએ છીએ આપણે ? દિવાલ પર ચીતરાવવાનું નથી. અહીં અંતરમાં ચીતરવાનું છે અને અંતરમાં ચીતરાશે ત્યારે જ કામ થવાનું છે.**

દેવપ્રકાશ સ્વામીએ તમને માફ કરવા પૂર્વક નમ્રતાથી ટકોર કરી. એમા માફી માગવાનું આવતું જનથી. સાચું બોલવામાં શેની માફી માગવાની ! ભૂલ કરી હોય એ માફી માગે. કોઈને માઠું લાગવું હોય તો લાગે પણ હું સાચું કહીશ. આવા ભગવાન મળ્યા, નરનારાયણદેવ મળ્યા, આવો સત્સંગ મળ્યો પછી શીદને રહીએ કંગાળ ? દુબળા પાતળા છીએ આપણે ?



મેં સંતોને કહ્યું, કણબીનો વાંહો થાબડવો બહુ સહેલો છે. બહુ સીધા છે બધા હરિભક્તો. પણ બીકમાં રહે છે. આગળનું જે ચીતરાવ્યું હોય એ ભૂંસી ના શકે. કેલેન્ડર લટકાવ્યું હોય તો ઉતારી ના શકે. ટાયરમાં પંકચર પડ્યું તો એના લીધે પડ્યું ? કંઈ થવાનું નથી. દુનિયામાં **એક નરનારાયણદેવનો કેફ રહે તો બીજી કંઈ જરૂર પડતી નથી.** ગ્રહ, નક્ષત્ર, કુંડળીમાં બહુ માનવા વાળા એક ભાઈ બાપજીને મળવા આવેલા. મહિમા કહેતા હશે. હકીકતમાં ગ્રહ નક્ષત્ર આ બધું નરનારાયણદેવની બહાર છે. નરનારાયણદેવ સિવાય બધું ગ્રહ નક્ષત્ર જ છે. બાપજી કહે, આ માણસ ગ્રહ નક્ષત્રના ચકરાવામાં મરી જવાનો ? કેટલી વીંટી અને ચેન પહેરશે ! કેટલા ગળાફા ખાશો ? આનો છેડો જ નથી ! આપણને જે મળ્યા છે એની જ નિષ્ઠા હોય. આપણા બાપ વૃધ્ધ હોય, તબિયત સારી ન હોય, દેખતા ન હોય અને ધામમાં જતા રહે તો બાપના ફોટાની જગ્યાએ, પડોશી બહુ રૂડા રૂપાળા હોય અને તેનો ફોટો બહુ સારો હોય તો તે લાવીને મુકાય ? **તો નરનારાયણ દેવને તમે બદલી શકશો ? કોઈ છીંડા પાડે એને સહન નથી કરવાના. આ વાસ્તવિક કહું છું.** આ ખાલી સરલી માટે નથી કહેતો. ચોવીસીના આખા સત્સંગ સમુદાય માટે કહું છું. આ સંતો છે. આ હરિભક્તો છે. આપણો આ પરિવાર છે. તેમાં એક બીજા સાથે તાણ ખૂંચી કરવામાં આપણો સમય વ્યર્થ બરબાદ કરીએ છીએ. એક બીજાની સાથે ગુણબુદ્ધિ રાખીને આપણે રહેવાનુંછે. આ મહારાજનું વચન છે. **માટે ખૂબ ખટકો રાખજો, નહીં તો આ વીંખાતા વાર નહીં થાય.** અમને તમારી ચિંતા છે, એટલે કહીએ છીએ.

**નરનારાયણદેવ ના ચરણ સિવાય બીજું કોઈ ચરણ કલ્યાણકારી નથી અને નથી જ, એટલું ગુમાન અને ગર્વ રહે એ જરૂરી છે.**

**પ.પૂ. લાલજી મહારાજશ્રી (૧) જીવરાજપાર્ક મંદિરના ૩૫ માં પાટોત્સવ પ્રસંગે તા. ૩૦-૦૫-૨૦૨૩ :** સભામાં વડીલો બેઠા છે તેઓએ પાયામાં રહીને આ સંપ્રદાયનું વર્ષોથી કામ કર્યું છે. તેવી જ રીતે યુવક મંડળે પણ પાયામાં રહીને ઉત્સવ સમૈયા હોય કે નાના મોટા આવા પ્રસંગો હોય ત્યારે નાની મોટી જે કંઈ સેવાની જરૂર હોય તે ખડે પગે ઉભા રહીને કરી છે એની પાછળનું જે કોઈ કારણ હોય તો એ છે તમારી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા. નિષ્ઠા ને પક્ષના કારણે મહારાજ તમારામાં રહીને એ બળ આપે છે, નહીં તો જગતમાં ઘણા લોકોને તમે જુઓ છો. **આજ કાલ Confusion નો જમાનો છે. લોકોને બહુ Confuse (ગૂચવણ) હોય છે.** અહીં જઈએ, ત્યાં જઈએ અને એમ જ્યાં ત્યાં ભટકે છે અને એ ભટકવા પાછળનું કારણ ડગમગાટ છે. ખોટું આકર્ષણ છે. અહીં ચમત્કાર થાય છે, અહીં બહુ જાહોજલાલી છે. માટે જવા જેવું છે. એવું થાય છે ને ? તમને તો ન થતું હોય, પણ જગતમાં આપણે જોઈએ છીએ. **પણ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે આ કળિયુગમાં કોઈ હથેળીમાં ભગવાન બતાવે તો પણ માનવું નહીં. ચમત્કારનો આપણો સંપ્રદાય નથી પણ સાક્ષાત્ હાજરા-હજૂર ભગવાન છે. એનું પ્રમાણ આપણને આપે છે. ચમત્કાર બતાવવા વાળા ઘણા મળશે પરંતુ મોક્ષ કરનારા કોઈ નહીં મળે. મોક્ષ એ માત્ર અને માત્ર નરનારાયણદેવના ચરણોમાં જ છે. સ્વામિનારાયણ ભગવાને જે સિદ્ધાંતો આપ્યા છે એ સિદ્ધાંતો ને વળગી રહેવામાં જ મોક્ષ છે, નહીં તો ફરીથી ચોર્યાસી લાખ યોનિમાં આપણે ભટકવું પડશે.** એટલે આપણા ઉપર એ આધાર છે કે આપણે દેવની શરણાગતિ સ્વીકારીને જીવનું રૂડું કરીએ કાં તો પછી ચોર્યાશી લાખ યોનિના ચક્કરમાં ફરતા રહીએ. એટલા માટે અમે અને સંતો કાયમ નરનારાયણદેવનો મહિમા

કહેતા આવ્યા છીએ કે સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે બાથમાં લઈને નરનારાયણદેવ પધરાવ્યા છે અને કહ્યું છે કે અમારામાં અને નરનારાયણદેવમાં કોઈ પણ પ્રકારનો ભેદ જાણશો નહીં. આ અમારું જ સ્વરૂપ છે.

**સર્વોપરી ઉપાસનાના નામે આજકાલ ઘણા લોકો સ્વામિનારાયણ ભગવાને જે દેવ પધરાવ્યા છે કે પંચદેવ હોય, પંચદેવ સનાતન હિન્દુ ધર્મમાં માન્ય કરેલા છે તે દેવનો દ્રોહ કરે છે. આપણે કાયમ ધ્યાન રાખવાનું છે કે સ્વામિનારાયણ ભગવાને જે પણ દેવની સ્થાપના કરી છે એ નરનારાયણદેવ હોય, રાધાકૃષ્ણદેવ હોય, લક્ષ્મીનારાયણદેવ હોય કે પછી ગોપીનાથજી મહારાજ હોય એ બધા દેવોને મહારાજે પોતાનું જ સ્વરૂપ છે એ જાણીને જ પધરાવ્યા છે માટે એ બધા સ્વરૂપોમાં ભેદ-ભાવ ન રાખીએ અને સાચી સમજણ આવે કે આપણા જીવનમાં કાયમ માટે નરનારાયણદેવની નિષ્ઠા દૃઢ રહે. કારણ કે એ નરનારાયણદેવના તપે કરીને આપણે જોઈ રહ્યા છીએ કે સંપ્રદાયનો વિકાસ કેટલો થઈ રહ્યો છે.** સંતો, ભક્તો આપણે મહેનત જરૂર કરીએ છીએ પરંતુ કોઈપણ કાર્યનું ફળ આપણા હાથમાં નથી હોતું. ફળ આપનારા ભગવાન બેઠા છે. **નરનારાયણદેવ રાજી છે એટલે આપણો સંપ્રદાય વધતો જોઈ રહ્યા છીએ તે દેવના તપ અને કૃપાથી સંપ્રદાયની પ્રગતિ દિનપ્રતિદિન થઈ રહી છે.**

કોરોનાકાળ પછી આપણે યુવક મંડળ અને બાળ મંડળની પ્રવૃતિને વેગ આપ્યો છે. તેની જાગૃતિ માટે આપ સૌ સંતો હરિભક્તોનો સાથ સહકાર જોઈશે. યુવક મંડળની વય મર્યાદા ૧૬ થી ૪૦ વર્ષ ની રાખવામાં આવી છે. ઘણા હરિભક્તોએ અત્યાર સુધી યુવક મંડળમાં રહીને પાયાની સેવા કરી છે. પરંતુ હવે વયમર્યાદામાં ન આવતા હોવ તો હવે મંદિરોમાં માર્ગદર્શક તરીકે જરૂરથી રહેવાનું છે. કારણ કે વડીલ સંતો હોય કે હરિભક્તો હોય તેઓના માર્ગદર્શન વિના ઘણા બધા કાર્યો સફળ નથી થતા. દોડા-દોડી કરવાનું કામ યુવાનોએ કરવાનું હોય છે. સમય પ્રમાણે ફેરફાર લાવવો એ જરૂરી હોય છે. દરેક યુવાનો ફોર્મ ભરીને યુવક મંડળની પ્રવૃત્તિમાં જોડાજો. બાળમંડળની પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે. બાળકો આપણું ભવિષ્ય છે. માટે બાળકોને સાચી સમજણ આપવી એ આપણી ફરજ છે.

**(૨) ન્યુ રાણીપ મંદિરના ૧૦ માં પાટોત્સવ પ્રસંગેઃ** આપ બધાનો શ્રી નરનારાયણદેવ પ્રત્યેનો ભાવ છે એજ પ્રગતિનું કારણ છે. આપણા આ વિસ્તારમાં બાળમંડળ, યુવકમંડળ થતા સત્સંગની જે પ્રગતિ છે એ નરનારાયણદેવની નિષ્ઠા રાખીએ તો જ શક્ય છે. **આપણા આ સંપ્રદાયમાં મહારાજે બધું જ બહુ સહેલું કરી આપ્યું છે. આપણા સનાતન ધર્મમાં જે માન્ય વેદો છે. શાસ્ત્રો છે, ઉપનિષદો છે એ બધાનો સાર મહારાજે ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીમાં કરીને આપ્યો છે.** સમય પ્રમાણે જોવા જઈએ તો ઈતિહાસની દૃષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાય સૌથી નવો સંપ્રદાય કહેવાય. મહારાજે મનુષ્ય શરીર ધારણ કરીને ૪૯ વર્ષ પૃથ્વી પર રહ્યા ત્યારે જે વિચારધારા દરેક લોકોના હૃદયમાં અને જીવનમાં આપી છે, પ્રેરણા કરી છે એ એ સમય કરતા આગળની છે. મહારાજે ખોટી પ્રથાઓ બંધ કરાવી. ધર્મના નામે અધર્મનું આચરણ બંધ કરાવ્યું. બહુ સિમ્પલ (સાદુ) એક મંતવ્ય આપ્યું. **'સર્વ જીવ હિતાવહઃ'** કોઈ માણસ નાનો નથી. કોઈ મોટો નથી. કોઈ માણસમાં ક્યારેય ભેદભાવ રાખવો નહિ. દરેક વ્યક્તિનું કઈ રીતે હિત થાય અને ધર્મના માર્ગે દરેક વ્યક્તિ કઈ રીતે ચાલે એવા પ્રયત્નો સ્વામિનારાયણ ભગવાને કર્યા છે. **આપણા માટે એક રસ્તો કરી આપ્યો છે અને આપણે એ જ રસ્તે ચાલવાનું છે. આજુબાજુમાં ક્યાંય નથી ભટકવાનું. આજના સમયે આપણે જોતા હોઈએ છીએ કે ઘણી બધી વ્યક્તિઓ અંધશ્રધ્ધાના કારણે આજુબાજુ ભટકી જતી હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાક્ષાત્ હાજરા-હજૂર મહારાજ રહેલા છે એવો પ્રત્યક્ષતાનો આ સંપ્રદાય છે. જો દેવના થઈને રહીએ, દેવની આજ્ઞામાં રહીએ તો સુખી થઈશું.**

સૌની રક્ષા કરવા અને સંકલ્પો પૂરા કરવા છેલ્લા ચાર વર્ષથી મહાપ્રતાપી હનુમાનજી દાદા બિરાજ્યા છે જે અમારા કુળદેવતા છે. ત્યારે એ ન ભૂલવું જોઈએ કે સંપ્રદાયમાં આપણે જેમ અવારનવાર મહારાજની પ્રત્યક્ષતાનો જે અનુભવ કરતા રહીએ છીએ એવી જ રીતે હનુમાનજીદાદા પણ આપણી વચ્ચે પ્રત્યક્ષ છે. **દાદાના પ્રતાપથી અને જો દાદાની કૃપા થાય તો કોઈની તાકાત નથી કે વાળ વાંકો કરી શકે એ હનુમાનજીદાદાનું બળ**

**છે. અવારનવાર ઈતિહાસ એનું સાક્ષી છે.** જ્યારે જ્યારે જરૂર પડી, જે સ્વરૂપે ભગવાન પૃથ્વી પર આવ્યા, રામ સ્વરૂપે જરૂર પડી કે ધર્મદેવને કષ્ટ આવ્યું, ત્યારે ત્યારે દાદા હાજરાહજૂર રહ્યા છે. દાદાનો મહિમા શબ્દોમાં વર્ણવી શકાય નહિ. આવા પ્રસંગમાં હવે મંદિરની જગ્યા ઓછી પડતી હોવાથી સંતો સાથે થયેલ ચર્ચા મુજબ જીર્ણોધ્ધારનો પ્રોજેકટ ચાલુ કરી રહ્યા છીએ. વધારે વિગત તમને પી.પી. સ્વામી (મહંત) જણાવશે. તો પોતાનું જાણીને સહયોગ આપશો.

**(૪) પારસીપની મંદિર (ISSO) :** આપણા પારસીપની મંદિરને છપેયાધામ એવું નામ આપવામાં આવ્યું છે. અને છપૈયાએ સ્વામિનારાયણ ભગવાનનું જન્મસ્થાન છે કહેતા કે અમારું પણ ઘર થાય છે. એટલા માટે આપ બધા અહીંના હરિભક્તો અમારા ઘરના સદસ્ય છો. આપ સૌએ પોતાપણું ને લાગણીથી સત્સંગનો વિકાસ કર્યો છે અને એમાં પણ ખાસ કરીને જેટલા પણ ISSO ના મંદિરો છે તે પૈકી આ મંદિરની કમિટીમાં લગભગ બધા Youngster (કિશોર) છે. જેના કારણે મંદિરનો પ્રોગ્રેસ વધુ જોવા મળે છે. હમણા યુવાનોએ જે ISSO ની સેવાકીય પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન કર્યું તે મહત્વની વસ્તુ છે. કારણ કે સ્વામિનારાયણ ભગવાને આ ધરતી પર આવીને સૌથી પહેલા મંદિરો નથી બાંધ્યા. મહારાજે કહ્યું કે, અમારે વ્યક્તિદીઠ મંદિરો કરવા છે. દરેક વ્યક્તિના હૃદયમાં ભગવાન કઈ રીતે વસે એવા પ્રયત્નો કરવા છે. મહારાજે નવ મંદિરોનું નિર્માણ કરાવ્યું એ પહેલા માણસ થતા શીખવાડ્યું છે. માનવતા એ સૌથી પાયાની જરૂરી વસ્તુ છે. **તમે ગમે તેટલી માળા કરો, દરેક નિયમ અને સિદ્ધાંતનું પાલન કરો. એકાદશી, રામનવમી આદિક વ્રત ઉપવાસ કરો, પણ જો અંદર માનવતા નહીં આવે, બીજા પ્રત્યે પ્રેમ અને દયા નહી આવે ત્યાં સુધી બધી કરેલી ભજનભક્તિ નકામી છે. માનવતા દરેક ધર્મના પાયામાં છે અને માનવતા વિનાનો કોઈ ધર્મ નથી હોતો.** એટલા માટે જ મહારાજે પહેલા અન્નક્ષેત્રો કર્યા છે, બ્રાહ્મણોને જમાડ્યા છે. ગામડે ગામડે જઈને કુરીતિ અને કુરિવાજો બંધ કરાવ્યા છે. એ વખતે ધર્મના નામે યજ્ઞમાં પશુહિંસા થતી હતી એ બંધ કરાવી છે. કહેતા સૌથી પહેલા માણસ બનતા શીખવાડ્યું છે. અને એટલા માટે જ **શ્રી નરનારાયણદેવ યુવક મંડળને ટેગ લાઈન આપી છે. Be human first, then religions (પહેલા માણસ બનો, પછી ધાર્મિક) એ આપણે બધાએ શીખવાની જરૂર છે. મહારાજશ્રીએ બહુ વિચારીને આ ટેગલાઈન આપી છે. કારણ કે હરિભક્ત બનવાની શરૂઆત અને સમજણ લગભગ યુવક મંડળથી થતી હોય છે. માનવતા સૌથી પહેલા છે. એ પછી બીજું બધું છે. ૨૧૨ શ્લોકની શિક્ષાપત્રીમાં મહારાજે કોઈ નિયમ-ધર્મ અઘરા નથી આપ્યા બહુ સ્પષ્ટ અને સરળ આજ્ઞાઓ છે. જે કોઈ આશ્રિત આ નિયમોનું પાલન કરશે એ સુખિયા નહીં, મહાસુખિયા થશે.** આપણે ભગવાનને રાજી કરવા વર્તન કરવાનું છે. વધારે ને વધારે માણસો કઈ રીતે મંદિર થકી જોડાય એવી તમે જે પ્રવૃતિઓ કરી રહ્યા છો એ ધન્યવાદને પાત્ર છે.

**પોસ્ટમાં અંક ન મળવા અંગે**

હાલ ઘણા સમયથી પોસ્ટ દ્વારા આપણું શ્રી સ્વામિનારાયણ માસિક નિયમિત મળતું નથી અથવા અવાર-નવાર મળતા પણ નથી, આવી ફરિયાદ કાર્યાલયમાં આવે છે. અમે ખૂબજ ચોક્કસાઈ પૂર્વક અંક પીનકોડ પ્રમાણે સોર્ટિંગ કરી પેકીંગ કરી દર માસની ૧૧ તારીખે પોસ્ટ કરીએ છીએ. છતાં આવું બને છે. બેથી ત્રણ વાર પોસ્ટ ખાતામાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. જે સભ્યને અંક ન મળે તેમણે આપના વિસ્તારની મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિત ફરિયાદ અચૂક કરવી અને તે પોસ્ટના સિક્કાવાળી કોપી એક પરત લેવી અને જેને અંક ન મળ્યો હોય તેના ફોન આવે કે તુરંત તેમને કાર્યાલયથી ફરીવાર અંક પણ મોકલવામાં આવે જ છે. અત્રે ફરિયાદ કરવા આવો ત્યારે આપના અંકનો સભ્ય નંબર અને પીનકોડ નંબર જરૂરથી આપવો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ પ્રસાદીનું ગામ

# મોખાસણ

- શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર)



- અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક ૪૦ મિનિટ
- અમદાવાદ એરપોર્ટથી ૧ કલાક

ઉત્તર ગુજરાતમાં દંઢાવ્ય દેશમાં આવેલ મોખાસણ ગામ કલોલ તાલુકાના ગાંધીનગર જિલ્લામાં આવેલ છે. અહીં જવા માટે અમદાવાદથી રેલ્વે માર્ગે કલોલ જવાય અને કલોલથી એસ.ટી. માર્ગે મોખાસણ જવાય છે. તેમજ અમદાવાદથી પણ એસ.ટી. માર્ગે મોખાસણ જવાય છે. અહીં શ્રી નરનારાયણ દેવ ગાદીના તાબાનું ગામમાં પ્રવેશ કરતાં જ સુંદર દૈદીપ્યમાન હરિમંદિર છે. હરિમંદિરમાં શ્રીહરિની અલૌકિક પટમૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે કરવામાં આવેલ છે. મંદિરના ચોક બહાર રસ્તા ઉપર શ્રીજીમહારાજની સ્મૃતિ છત્રી ગામના પ.ભ. પટેલ અ.નિ. ઈશ્વરદાસ બોઘીદાસના સુપુત્રો પ.ભ. પટેલ રમણભાઈ ઈશ્વરદાસ તથા પ.ભ. પટેલ ગોવિંદભાઈ ઈશ્વરદાસ તથા પ.ભ. પટેલ ભગવતભાઈ ઈશ્વરદાસ પરિવાર તરફથી દૈદીપ્યમાન સુશોભિત આરસ પત્થરમાંથી નિર્માણ કરી શ્રી હરિના ચરણાંરવિંદ પધરાવેલ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતા કરતા વડુ ગામથી મોખાસણ પધાર્યા ત્યારે ગામના મુમુક્ષુ હરિભક્તો શ્રીમનોહરભાઈ બ્રાહ્મણ, કુબેરભાઈ પટેલ, જેઠાભાઈ પટેલ, રાયચંદભાઈ તથા ક્ષત્રિય આસકરણભાઈ વિગેરેએ શ્રીજી મહાપ્રભુનું સ્વાગત સામૈયું કરી ભક્તોએ શ્રીજી મહારાજને ગામમાં અને ઘેર ઘેર પધરામણી કરી અર્ચન, પૂજન અને આરતી કરી અલૌકિક લાભ લીધો હતો. તેમજ શ્રીજીમહારાજને થાળ જમાડી ધન્ય ધન્ય થઈ સંતો-ભક્તોને જમાડી જયજયકાર પ્રવર્તાવ્યો હતો.

આજે પણ મોખાસણમાં શ્રી નરનારાયણ દેવ આશ્રિત હરિભક્તોનો સત્સંગ અને ગામની સેવા સંપ્રદાયમાં મોખરે છે. આજે પણ મોખાસણના અનેક હરિભક્તો શ્રીજી મહારાજની કૃપાથી અમેરિકા જેવા દેશોમાં રહી સત્સંગની સાથે સાથે સંપ્રદાયમાં અનેક મંદિરોમાં તેમજ ઉત્સવ સમૈયામાં ખૂબ જ તન-મન-ધનથી સેવા કરી શ્રીહરિ તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોનો રાજીપો પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મોખાસણ પધાર્યા તેનો ઉલ્લેખ 'ભક્તચિંતામણિ' નામના ગ્રંથમાં પ્રકરણ ૧૧૯માં આ મુજબ છે.

**ભક્ત મનોહર છે બ્રાહ્મણ, કણબી કુબેર જેઠો હરિશરણ !**
**રાયચંદ ક્ષત્રિ આસકરણ, એહાદિ ભક્ત રહે મોખાસણ !**



શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-જૂન-૨૦૨૩

ભ.શ્રી સુજલ તપનભાઈ શાહ - યુ.એસ.એ. - હ. હેમેન્દ્ર શાંતિલાલ સોની

| | |
|---|---|
| તા. ૦૫-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી અ.નિ. સરોજબેન મુકુંદભાઈ પટેલ - ગાંધીનગર - હ. ભાવિન મુકુંદભાઈ પટેલ |
| તા. ૧૬-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી અરવિંદ કેસરા હાલાઈ - બળદિયા-કચ્છ |
| તા. ૧૭-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી સંજય રસિકભાઈ પટેલ - યુ.એસ.એ. (મોખાસણવાળા) |
| તા. ૨૦-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી હર્ષદભાઈ હરિભાઈ પટેલ - નાંદોલ |
| તા. ૨૪-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી જૈનમ મુકેશભાઈ ભાઈલાલભાઈ પટેલ - વહેલાલવાળા - થલતેજ |
| તા. ૨૬-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી બ્રિજેશભાઈ શાંતિભાઈ પટેલ - યુ.એસ.એ. |
| તા. ૨૯-૦૬-૨૦૨૩ | પ.ભ.શ્રી જીગ્નેશ કનુલાલ પટેલ - હ્યુસ્ટન-યુ.એસ.એ. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-જૂન-૨૦૨૩

રૂા. ૧,૦૦,૦૦૦/- પ.ભ.શ્રી ડૉ. કીર્તન આર. દોશી - અમદાવાદ

**પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ તેમજ પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રૂડા રાજીપાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ**

## છપૈયામાં ચાલતા ભવ્ય નૂતન બાંધકામના ઉપલક્ષમાં

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત

# શ્રી ઘનશ્યામ બાળચરિત્ર સપ્તાહ પારાયણ

**પવિત્ર અધિક શ્રાવણ માસમાં**

**તા. ૨૪/૦૭/૨૦૨૩ થી ૩૦/૦૭/૨૦૨૩ સુધી**

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "દીઠા નહિ નિજદોષ તો તરીએ કોણ ઉપાય"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણી દોડભાગ તો સતત ચાલુ જ હોય છે. આપણે અત્યારે અહીં બેઠા છીએ ને તો પણ દોડીએ જ છીએ, કેમ કે આપણી ચિત્તની વૃત્તિઓ તો ચારે દિશામાં દોડે જ છે. આ જગતમાં રહેવા માટે બધું કરવું પડે એ બરાબર છે. અને કામ કરવા માટે દોડવું પડે તો એમાં તકલીફ શું છે ! તો એમાં તકલીફ એ છે કે **આપણી દિશા વિપરિત છે.** અર્થાત્ આપણે ઉંધી દિશામાં દોડીએ છીએ. તો **ઊંધી દિશા કોને કહેવાય ? આપણે આપણા જીવનનિર્વાહ માટે ભૌતિક સુખ પાછળ દોડીએ ત્યાં સુધી બધું બરાબર છે. પણ વસ્તુ ભેગી કરવાની પ્રાપ્તિ માટેની દોડ છે એ ખોટી છે.** કેમ કે એ વસ્તુમાંથી આપણને જે આનંદ મળે છે તે ક્ષણિક છે, અને જે ક્ષણિક આનંદ છે તે સાચો આનંદ નથી અને આપણે એને જ સાચો આનંદ માનીએ છીએ માટે વિપરિત દિશા કહેવાય છે. સાચો આનંદ તેને કહેવાય છે કે એકવાર મળ્યા પછી તૃપ્તિ થઈ જાય બીજી વખત પ્રાપ્ત કરવાની ઈચ્છા જ ના થાય તો આમાં તો કેવું થાય છે કે આપણે જે વસ્તુ મેળવવા માટે ઈચ્છીએ છીએ એ મળી જાય પછી બીજી વસ્તુ મેળવવાની ઈચ્છા થાય છે. **તો એવું કેમ થાય છે ? આપણી આ દોડનો અંત કેમ આવતો નથી ? તૃપ્તિ કેમ થતી નથી ? તો આપણે જે આનંદ જોઈએ છે તે આપણે જ્યાં દોડીએ છીએ ત્યાં નથી માટે આપણે વિપરીત દિશામાં છીએ,** અને આપણે ભૌતિક પાછળ જેટલું વધારે દોડીએ છીએ એટલા આપણે ભગવાનથી વધારે ને વધારે દૂર થતા જઈએ છીએ. તેને આપણે ઉદાહરણથી સમજીએ તો દા.ત. તમારે કોઈ એક સ્થળે પહોંચવું હોય અને તે સ્થળ તમારાથી દસ કિલોમીટર દૂર હોય પણ તમે ઊંધી દિશા પકડી લીધી અને ૧૦૦ કિલોમીટર આગળ નીકળી ગયા પછી તમને ખબર પડે કે આપણે જ્યાં હતા ત્યાંથી દસ કિલોમીટર દૂર જ સ્થળ હતું. તો જે પહેલા દસ કિલોમીટર જ ચાલવાનું હતું તે હવે ૧૧૦ કિલોમીટર ચાલવું પડશે. એટલે અંતર પહેલા કરતા વધી ગયું તો કહેવાનો અર્થ એ છે કે જેટલા આપણે વિપરીત દિશામાં ચાલીએ છીએ એટલું માયાનું આધિપત્ય આપણી ઉપર વધતું જાય છે અને આપણે ભગવાનથી દૂર થતા જઈએ છીએ. જેટલા આપણે ભગવાનના નજીક હોઈએ એટલું આપણા ઉપર માયાનું આધિપત્ય ઓછું હોય છે. **તમે બધા છપૈયા ગયા હશો તો બધાને એ અનુભવ છે કે તમે છપૈયા હોવ છો, ત્યારે તમારા બધા સંકલ્પ-વિકલ્પ બંધ થઈ જાય છે. અને એક અલૌકિક શાંતિનો અનુભવ થાય છે. તો એ જે ભગવાનની પ્રાગટ્યભૂમિમાં જઈએ તો પણ એટલી શાંતિ મળે છે. તો વિચાર કરો કે ખરેખર પ્રગટ ભગવાનના શરણમાં પહોંચીશું ત્યાં કેટલી બધી શાંતિ હશે !** તો માયાનું આધિપત્ય ભગવાનના શરણ સિવાય દરેક જગ્યાએ છે જ. બધા દેવદેવીઓ, જીવજંતુ, મારા તમારા ઉપર બધે જ માયાનો પ્રભાવ છે. કેમ કે **સૃષ્ટિની ઉત્પતિ જ માયાથી થઈ છે. માયા વગર સૃષ્ટિનું સર્જન શક્ય જ નથી.** તો માયા તો સર્વત્ર છે જ તેને આપણે ઉદાહરણથી સમજીએ તો જેમ રાત હોય છે. તો રાતમાં ચંદ્રમાનો પ્રકાશ હોય છે. તારાનો પ્રકાશ હોય છે. અને આપણે આપણા ઘરમાં પ્રકાશ કરવો હોય તો લાઈટ કે દીવા કરીએ છીએ. તો થોડીવાર માટે એ વિસ્તારમાં અંધકારને તમે દૂર કરી શકશો પણ રાત્રિ નહિ જાય. ગમે તેટલા દીવા તારા કે ચંદ્રમાનો પ્રકાશ હશે તો પણ રાત્રિ તો રહેવાની જ. રાત ક્યારે જાય છે ? તો જ્યારે સૂર્યોદય થાય ત્યારે રાત્રિ જાય છે. અંધકાર દૂર થાય છે. તો જેમ રાત્રિએ કામ કરવા માટે આપણે પ્રકાશ જોઈતો હોય તો સાધન તરીકે લાઈટનો ઉપયોગ કરીએ છીએ, તેમ આપણે ધૂન-ભજન-કીર્તન, સત્સંગ આ બધું કરીએ છીએ તે માયારૂપી અંધકારના પ્રભાવથી બચવા માટેના સાધન છે. જેટલો સમય આ બધું ચાલુ હશે ત્યાં સુધી માયા આપણા ઉપર એનો દુષ્પ્રભાવ નહિ નાખે. **તો આપણા જીવનમાંથી માયા દૂર ક્યારે થાય ? આપણે માયા પર વિજય કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ ? તો આપણા આત્મામાં પરમાત્મારૂપી સૂર્યોદય પ્રગટ થાય ત્યારે.** જ્યાં સુધી આપણા અંદર પરમાત્મારૂપી પ્રકાશ ના પ્રગટે ત્યાં સુધી માયાથી બચવા માટે આ બધા

સાધનોનો ઉપયોગ કરવાનો છે. અંદરનો પ્રકાશ મળી જાય તો કચરો જલ્દી દૂર થાય છે. અંદરનો કચરો સાફ કરવો હોય તો અંદર પરમાત્મારૂપી પ્રકાશ ફેલાય તો આપણને દેખાય. અર્થાત્ **'આપણા દોષ આપણને દેખાય તો કામ થઈ જાય'** પણ એના માટે અંતઃદૃષ્ટિ કરવી પડે. અંતરમાં દોડવું પડે. મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦ માં વચનામૃતમાં અંતઃદૃષ્ટિ ઉપર વાત કરી છે કે **'અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની કોણ છે ?'** જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતઃદૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે. અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. અને નારદ-સનકાદિક જેવો સુખિયો થાય છે. માટે હરિભક્તને જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.

તો અહીં આળસ છોડીને જાગૃત થવાની વાત છે. આપણે અહીં સત્સંગમાં બેઠા હોઈએ ત્યારે માયા આપણી પાસે આવતી નથી, પણ જેવા બહાર જઈએ એટલે માયા આપણી પર સવાર થઈ જાય છે. તો કહેવાનો અર્થ છે કે અંતઃદૃષ્ટિ કાયમ રાખવાની. સતત જાગૃત રહેવાનું. **આપણા કલ્યાણ માટે આપણે પોતે જ જાગૃત થવું પડશે. સત્સંગ કેટલી વાર હોય, બે કલાક કે ચાર કલાક પછી બાકીના વીસ કલાકનું શું ? આપણે જેટલા સતર્ક રહીશું એટલું આપણું કલ્યાણ જલ્દી થશે. આપણે નક્કી કરવાનું છે કે આપણે આ માયાના લોકમાં રહેવું છે કે મહારાજના શરણમાં આપણે પોતે જ પોતાની જાતના 'જ્ઞાતા-દૃષ્ટા' (જાણનાર-જોનાર) બનવાનું છે. પ્રકૃતિથી પર થઈને પ્રકૃતિને નિહાળવાથી પ્રકૃતિ ખરી પડે છે. આત્મસ્વરૂપ થઈને પોતાના દોષ જોતા આવડી જાય એને જ કહેવાય 'અંતદૃષ્ટિ' જ્યારે પોતાના દોષ દેખાવા લાગે તો સમજી જવાનું કે આપણી અંદર પરમાત્મારૂપી સૂર્યોદય થઈ ગયો છે. આવો સત્સંગ મળ્યો આવા ભગવાન મળ્યા પછી પણ આપણે તોફાન કરવાનું ચાલુ રાખીએ તો હેરાન પણ આપણે જ થવું પડે છે.** જેમ વર્ગમાં શિક્ષક હાજર હોય છે તો બધા વિદ્યાર્થીઓ શાંત થઈને બેસી જાય છે. અંદરના 'વિષય' (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ) અને 'કષાય' (ક્રોધ, માન, માયા, લોભ) શાંત થઈ જાય છે. કેમ ? **ભગવાનની હાજરીમાં માયા મર્યાદામાં વર્તન કરે છે. ભગવાનની ઉપસ્થિતિ ના હોય ત્યારે મનફાવે તેમ વર્તન કરે છે. આપણે જાગૃત રહીશું તો માયા આપણને ભગવાનના માર્ગ પર ચાલવામાં મદદરૂપ થાય છે. અને આપણું 'આત્મબળ' વધે છે.** અને આપણે માયાના માર્ગ ઉપર ચાલતા હોય ત્યારે આપણને એવું લાગે છે કે બધું બરાબર ચાલે છે. આમાં શું વાંધો છે. મને કાંઈ નડતું નથી. મને કાંઈ તકલીફ નથી. પણ અમુક વર્ષો જાય ને પછી બધી ગરબડ થાય છે. માયાના દુષ્પ્રભાવના પરિણામ તો ભોગવવા જ પડે છે. ધીમે ધીમે બધું બહાર આવે છે. આપણને ન કરવા જેવા કાર્યો અહમ્‌માં અને મદમાં કરીએ છીએ, પણ જ્યારે જીવનમાં દુઃખ આવે ને ત્યારે માણસને ખબર પડે છે. **જીવનમાં દુઃખ આવે છે ને તો એ આપણી જ ભૂલનું કારણ હોય છે.** જેવી રીતે દીકરા-દીકરી મા-બાપને હેરાન કરે છે. ગમે તેવું વર્તન કરે છે, તો મા-બાપ અમુક હદ સુધી સહન કરે છે. મા-બાપને ગણકારતા નથી તો મા-બાપ તરત સજા નથી કરતા પણ સુધરવા માટેની તક આપે છે. પછી અતિશય થાય તો જ સજા કરે છે. ભગવાનનું પણ એવુંજ છે. ભગવાન પણ આપણને સહન કરે છે. તક પણ આપે છે. પછી અતિશય થાય તો જ સજા આપે છે, ના છૂટકે સજા આપવી જ પડે છે. કાયમ જાગતા રહેવાનું અને સાચો રસ્તો પકડવાનો સાચી દિશામાં દોડ લગાવવાની. જગતમાં સાચો આનંદ નથી. સાચો આનંદ મળી જાય ને તો જીવનમાં બીજા કોઈ આનંદની જરૂર રહેતી નથી. **તૃપ્તિ મળી જાય છે. અને એ તૃપ્તિ ભગવાનના ચરણમાં જ મળે છે.**

**પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
**વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંચાલિત**

શ્રી નરનારાયણદેવ બાળમંડળ તથા શ્રીનરનારાયણદેવ યુવકમંડળ (વય મર્યાદા ઉં. ૧૬ થી ૪૦) જોડાવા માટે સંપર્ક કરો : વિપુલ ઠક્કર મો.:૯૩૨૮૧૯૪૧૪૩

(કાલુપુર કોટ વિસ્તાર તથા અમદાવાદના સમસ્ત વિસ્તારમાં જ્યાં બાળમંડળ કે યુવકમંડળ ન હોય તો સભ્યપદ માટે સંપર્ક કરી શકો છો.)

# અધિક શ્રાવણ માસમાં વિશેષ આયોજન

## અધિક શ્રાવણ માસમાં શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી તથા કાલુપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી અધિક શ્રાવણ માસમાં શ્રાવણ સુદ-૧૨ તા. ૩૦-૭-૨૦૨૩ રવિવાર અમદાવાદ શહેર અને પરા વિસ્તારના દરેક મંદિરના ભાઈઓ-બહેનો સૌએ પોતાના વિસ્તારના મંદિરથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રામાં જોડાવા ખાસ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આજ્ઞા કરી છે અને સાથે સાથે પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞા છે કે અધિક માસમાં શણગાર આરતીમાં સવારે ૮-૦૫ કલાકે બધા બહેનોએ મંદિરમાં દર્શને આવવું. શ્રા. સુદ-૧૨ તા. ૩૦-૦૭-૨૦૨૩ રવિવાર પદયાત્રામાં જોડાવાનો સમય આપના મંદિરના કોઠારી અથવા યુવક મંડળનો સંપર્ક કરી જાણી લેશો. (આયોજક શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી અધિક પવિત્ર શ્રાવણ માસમાં શ્રાવણ વદ-૧૧ એકાદશી તા. ૧૨-૮-૨૦૨૩ શનિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર અધિક શ્રાવણ અને ચાતુર્માસ એટલે શ્રીહરિએ આપણને જેમ વિશેષ ભજન કરવા આજ્ઞા કરી છે તેથી આ અખંડ મહામંત્ર ધૂનમાં ગામો ગામ અને શહેરના સર્વે હરિભક્તોને ખાસ લાભ લેવા પધારવા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સૂચન છે.

તા. ૧૨-૦૮-૨૦૨૩ અ. શ્રાવણ વદ-એકાદશી સમય સવારે ૬-૦૦ થી સાંજના ૬-૦૦ પ્રસાદીના સભા મંડપમાં કાલુપુર મંદિર.

## અમદાવાદ મંદિરમાં અધિક માસમાં સમૂહ મહાપૂજા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને તેમજ પૂ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ અધિક શ્રાવણ વદ-૧૨ તા. ૧૩-૦૮-૨૦૨૩ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે સમૂહ મહાપૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેર અને ગામો ગામના હરિભક્તો ધર્મકુળના અલૌકિક સાનિધ્યમાં મહાપૂજામાં સજોડે બેસવાનો મહાઅલૌકિક લાભ લઈ ધન્ય બનશો. સમય સવારે : ૮-૦૫ મિનિટ (વિશેષ સંપર્ક કોઠાર ઓફિસ મો.:૮૨૩૮૦૦૧૬૬૬)

## અધિક માસમાં ૩૦ ગામોમાં સંતો દ્વારા સત્સંગ સભા

પવિત્ર અધિક શ્રાવણ માસમાં હરિભક્તોને સત્સંગનું વિશેષ બળ મળે અને શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વિશેષ દ્રઢ થાય તેવા શુભ હેતુથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આજ્ઞા કરી છે કે ૩૦ જેટલા ગામોમાં જાહેર સત્સંગ સભાનું આયોજન કરી જે તે ગામ અને આજુબાજુના નજીકના ગામોના હરિભક્તોને પણ લાભ મળે. માટે સર્વે હરિભક્તોને સભાનો લાભ લેવા ખાસ અનુરોધ છે. આપના ગામના કોઠારીશ્રી અથવા યુવક મંડળના સભ્ય સત્સંગ સભાની સમગ્ર માહિતી ફોન દ્વારા જણાવશે. (મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી - કાલુપુર શ્રીસ્વામિનારાયણ મંદિર)

## અમદાવાદ મંદિરમાં દર પૂનમે સભા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રે કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શન-પ્રેરણાથી આગામી જેઠ સુદ-૧૫ થી અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં સવારે ૮-૧૦ થી ૧૦-૦૫ સુધી વિદ્વાન સંતોના મુખેથી કથાવાર્તાનો સુંદર પ્રારંભ થયો છે. હરિભક્તોના યજમાનપદે સમગ્ર કાર્યક્રમ થાય છે. દર પૂનમે જુદા જુદા સંતો કથાનો લાભ આપશે. પૂનમે દર્શને આવતા હરિભક્તોએ કથા-વાર્તાનો અચૂક લાભ લેવા અમારો ખાસ અનુરોધ છે. જેમને પૂનમના યજમાન બનવાની ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં મહંત સ્વામીનો સંપર્ક કરવો.

# સત્સંગ સમાચાર

### અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન

ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને વૈશાખ સુદ-૩ ત્રીજથી જેઠ સુદ-૧૪ પર્યન્ત ચંદનના વાઘાના અલૌકિક દર્શન સૌ ભક્તોએ કર્યા હતા. છેલ્લે જેઠ સુદ-૧૫ પૂનમ જયેષ્ઠા નક્ષત્રના યોગમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાતઃ ૬-૩૦ થી ૭-૦૦ પર્યન્ત શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન વેદ વિધિસર સંપન્ન થયું હતું. શહેર અને બહાર ગામથી પધારેલા હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

### શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજનદેવ મંદિર ન્યુ રાણીપ શ્રીઘનશ્યામ દશાબ્દી મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના મહંત સ્વામી પૂજ્ય સદ્. શાસ્ત્રી સ્વામીશ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજનદેવ મંદિર શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ તા. ૭-૬-૨૩ થી તા. ૧૨-૬-૨૩ દરમ્યાન ખૂબજ ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન રાત્રિય પારાયણ સ.ગુ. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે યોજાઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષ્યમાં હોમાત્મક મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને મહાપૂજાની પ્રારંભની આરતી ઉતારીને સભામાં સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોના આમંત્રણને માન આપી સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને સૌ બહેનોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું હતું. ધામોધામથી અનેક સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગ અત્રે મંદિરના કોઠારીશ્રી, ટ્રસ્ટી મંડળ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ન્યુ રાણીપ સમસ્ત સત્સંગ સમાજના સુંદર પ્રયાસથી ઉજવાયો હતો. અનેક હરિભક્તોએ વિવિધ સેવા કરી હતી. (કોઠારીશ્રી - ન્યુ રાણીપ મંદિર)

### વિસનગર ગામે શ્રીહરિ મંદિર મંગલ પ્રવેશ મહોત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ગાદીવાળાશ્રી એમ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શન તથા વડનગર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી સ્વામી, મહેસાણા મંદિરના મહંત સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીના આયોજન પ્રમાણે વિસનગર ગામે તા. ૨૩-૬ થી ૨૭-૬ સુધી ભવ્ય શ્રીહરિ મંગલ પ્રવેશ મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ થઈ હતી. જેના વક્તાપદે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (મોટા પી.પી. સ્વામી)એ અલભ્ય કથાનો લાભ આપ્યો હતો. પૂ. સાંખ્યયોગી જયાબા, દયાબા, વિમળાબા આદિક બહેનોના અથાગ પરિશ્રમથી વિસનગરમાં નવ્ય ભવ્ય નૂતન શ્રીહરિ મંદિર બહેનોનું તૈયાર થયું. જેમાં તા. ૨૪-૬-૨૦૨૩ ના રોજ પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારી ઠાકોરજીના સ્વરૂપોની પૂજા, આરતી કરી વિશાળ સભાને દર્શન આશીર્વાદનો લાભ પાઠવ્યો હતો. ધામો ધામથી સંતો તથા ઘણી મોટી સંખ્યામાં સાંખ્યયોગી બહેનોએ પધારી આશીર્વાદ આપ્યા હતા. મંદિરના કોઠારી પરેશભાઈ પટેલ તથા યુવક મંડળના દરેક સભ્યોએ ખૂબ સેવા કરી મહોત્સવને દિપાવ્યો હતો. મહોત્સવના મુખ્ય યજમાનપદે અ.નિ. કાંતિભાઈ રણછોડભાઈ પટેલ પરિવાર, પારાયણના મુખ્ય યજમાન ગં.સ્વ. નિરંજનાબેન મહેન્દ્રભાઈ ભાવસાર - હ. ધવલભાઈ, સંદિપભાઈ આદિક અનેક હરિભક્તોએ આ મહોત્સવમાં યજમાનપદનો લાભ લીધો હતો. દરરોજ અનેકવિધ ઉત્સવો થયા હતા. જેમાં હરિભક્તોએ ખૂબ લાભ લીધો હતો. (શા. સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંડોળા દર્શન

મૂળી ધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા મૂળી મંદિરના મહંત સ.ગુ. શા. સ્વા. હરિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે અષાઢ વદ-૨ થી શ્રાવણ

વદ-૨ પર્યન્ત શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવો સમક્ષ ભવ્ય હિંડોળા દર્શન કરાવવામાં આવશે. જેમાં ફળ, ફ્રૂટ, શાકભાજી, સૂકામેવા, ફુલ, રાખડી આદિ વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવવામાં આવશે. જેના દર્શન કરવા સૌ હરિભક્તોને ખાસ ભલામણ છે. (કોઠારી સ્વામી - મૂળી મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) ૧૫૯ મો પાટોત્સવ

મૂળી ધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધ્રાંગધ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર (સીતા દરવાજા)નો ૧૫૯ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી કરી સભામાં શ્રી હરિકૃષ્ણધામથી પધારેલા સ.ગુ. સ્વા. ભક્તિહરિ સ્વામી અને ધર્મજીવન સ્વામી આદિ સંત મંડળે કથાવાર્તા ધૂન કર્યા હતા. પૂજારી સ્વામી ઋષિપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

### શ્રીહરિકૃષ્ણધામ રણજીતગઢ

મૂળી ધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી એમ સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીહરિકૃષ્ણધામ રણજીતગઢ ખાતે તા. ૧૧-૬-૨૩ ને રવિવારે સુંદર સત્સંગ સભા થઈ હતી. દર માસના બીજા રવિવારે સભા કરવામાં આવે છે. જેમાં સ.ગુ. શા. સ્વામી ભક્તિહરિદાસજી અને સંત મડળે કથાવાર્તા કીર્તન ભક્તિ ધૂન આદિ સુંદર રીતે કર્યા હતા. આજુબાજુના ગામના હરિભક્તોએ કથા વાર્તાનો લાભ લીધો હતો. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશના સત્સંગ સમાચાર

### પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલિયા ધર્મ પ્રવાસ

છેલ્લા ત્રણ વરસ ઉપરાંત કોરોના કાળના કારણે આપણા ઓસ્ટ્રેલિયાના અનેક વિસ્તારમાં જ્યાં આપણું મંદિર છે ત્યાં અને જ્યાં મંદિર નથી ત્યાં આપણા હરિભક્તો મંડળ ચલાવે છે. જ્યાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધારી શક્યા ન હતા જેથી હરિભક્તો આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા હતા. પ.પૂ. મહારાજશ્રી પણ દેશમાં અનેક પ્રોગ્રામમાં વ્યસ્ત હતા છતાં પણ વિદેશના હરિભક્તોને રાજી કરવા માટે તા. ૮-૬-૨૦૨૩ થી તા. ૧૮-૬-૨૦૨૩ દરમ્યાન ઓસ્ટ્રેલિયા પધાર્યા. સાથે સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) સ.ગુ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર), સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી અને હજૂરી પાર્ષદ વનરાજ ભગત સેવામાં જોડાયા. તા. ૮ થી ૯ જૂન-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થમાં જાહેર સત્સંગ સભા શાકોત્સવ અને હરિભક્તોના ઘરે પધરામણી કરી. તા. ૧૦ થી ૧૧ જૂન-૨૩ સીડની કિંગ્સપાર્ક ખાતે જાહેર સત્સંગ સભા અને શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની બ્લેકટાઉનમાં પધરામણી, જાહેર સત્સંગ સભા અને તા. ૧૩ થી ૧૫ જૂન-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જાહેર સત્સંગ સભા-પધરામણીઓ ડેરીમીટમાં સત્સંગ સભા પધરામણી અને બોરોનીયામાં જાહેર સત્સંગ સભા અને પધરામણી. ઓસ્ટ્રેલિયા ખાતે અહીં આપણું ૭ મું મંદિર બનવા જઈ રહ્યું છે. ટૂંક સમયમાં કામનો પ્રારંભ થશે. જેના ઉપલક્ષમાં સભા અને શાકોત્સવ થયા હતા. ૧૬ થી ૧૭ જૂન-૨૩ ગ્રીફીથમાં જાહેર સત્સંગ સભા પધરામણી અને ભવ્ય શાકોત્સવ કર્યો. ૧૮ જૂન-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર એડીલેડમાં જાહેર સત્સંગ સભા અને પધરામણી.

આ રીતે ઓસ્ટ્રેલિયામાં વસતા આપણા હજારો હરિભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપી દરેક ભક્તોને ખબરઅંતર પૂછી સૌનું શ્રેય-મંગળ થાય અને સ્વાસ્થ્ય સારું રહે અને સૌ સંપ સહકારથી સત્સંગ કરજો અને આપ સૌને શ્રી નરનારાયણદેવ ખૂબ સુખિયા કરે તેવા રૂડા આશીર્વાદ આપી સ્વદેશ પધાર્યા.

(શા. નારાયણમુનિ સ્વામી કોઠારીશ્રી - કાલુપુર મંદિર)

### પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીની અમેરિકા ધર્મયાત્રા

કોરોનાકાળના સમયમાં દેશ અને વિદેશમાં અનેક પ્રવૃતિઓ જેમ સ્થગિત થઈ ગઈ હતી તેમ સત્સંગની પ્રવૃતિઓમાં પણ હરિભક્તો ઘરે રહી ભજન-કીર્તન આદિ કરતા હતા.

હવે ભગવાનની કૃપાથી સારો સમય સંજોગ આવ્યો છે. શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છેલ્લા એક વરસથી ખૂબજ સત્સંગની પ્રવૃતિમાં વ્યસ્ત હોય છે. આપણા મોટા મહોત્સવો જેવા કે, અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનો પર્વ'' મહોત્સવ, ''આચાર્ય વંદના'' મહોત્સવ, મૂળી મંદિર શ્રી રાધાકૃષ્ણદેવનો ૨૦૦ મો પાટોત્સવ ''ઉત્સવ'' અને છેલ્લે આપણા ભુજ મંદિર શ્રી નરનારાયણદેવનો ૨૦૦ મો પાટોત્સવ મહોત્સવમાં સ્વયં હાજર રહ્યા. પ્રેરક અને માર્ગદર્શક રહ્યાં. ગુજરાતના આપણા ઘણા ગામોમાં કથા, પારાયણ, પાટોત્સવ પ્રતિષ્ઠા આદિ પ્રસંગો તેઓશ્રીની નિશ્રામાં ઉજવાયા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની જેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી દેશ-વિદેશમાં સત્સંગ પ્રવૃતિમાં સતત પ્રવૃત હોય છે.

હમણાં અમેરિકામાં ૧૧ જૂનથી ૨૨ જૂન સુધી પધાર્યા હતા. તેમાં ન્યુયોર્ક પારસીપની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. સંતો દ્વારા કથા વાર્તા આદિ થયા હતા. હજારો હરિભક્તો ઘણા સમયબાદ કથા-વાર્તા અને ધર્મકુળ દર્શન, અન્નકૂટ દર્શન કરી ખૂબજ ધન્ય બન્યા. શ્રી સ્વામિનારાયણ મંદિર રાલે અને બાયરનમાં પણ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક, પાટોત્સવ અને અન્નકૂટ આરતી કરીને બન્ને મંદિરમાં હરિભક્તોને રૂડા આશીર્વાદ આપી હરિભક્તોને મંદિરમાં રજાના દિવસોએ દર્શન કરવા અચૂક આવવા સૂચન-આજ્ઞા કરી હતી. આપણા સંતોએ આ પ્રસંગે કથાવાર્તા કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી - કાલુપુર મંદિર)

**અષાઢ સુદ-૧૫ પૂનમ તથા ધજાના યજમાનશ્રી**

ઠાકોરજીના થાળ, સંત-પાર્ષદ અને હરિભક્તોની રસોઈ અને સત્સંગ સભાના યજમાનશ્રી પ.ભ. કૈલાસબેન અંબાલાલ બાભઈદાસ પુરુષોતમદાસ પટેલ (ગવાડાવાળા) મહાલક્ષ્મી પરિવાર (શાહીબાગ) - હ. ડૉ. ભાવનાબેન હિતેષભાઈ પટેલ, કિંજલબેન ધવલભાઈ પટેલ, તનિષ્કા, કિસવી, મિસિકા (હાલ કેનેડા).

**ગુરુપૂર્ણિમાના ધર્મકુળ ગુરુપૂજનના યશસ્વી યજમાન**

પ.ભ.અ.નિ. હિરાભાઈ તુલસીદાસ પટેલ (કુંડાલવાળા) - હ. પ.ભ. ગોવિંદભાઈ પુત્ર કિરણભાઈ બ્રિજેશભાઈ (અમેરિકા) અલ્પેશભાઈ પૌત્ર પ્રભવ, નશાન્ત (અમેરિકા).

## શું આપણને ‘ખપ’ અને ‘ખટકો’ છે ?

આપણે રોજ મનની તપાસ કરીએ છીએ ? શું આપણને ભગવાનનો ખપ છે ? ભગવાન સાથે રાખવા છે ? એમ કહીએ કે ભગવાનમાં ‘અખંડ વૃતિ’ રાખવી છે ? બહુ કઠણ વાત છે, નહીં ?

ના, કઠણ નથી. પહેલાં તો નક્કી કરીએ કે આપણને ભગવાનનો, સંતનો, સત્પુરુષનો ખપ છે ખરો ? માહાત્મ્ય છે ખરું ?

એક વખત નક્કી થાય કે મારે મહારાજનો ‘ખપ’ છે. મહારાજ વિના મારે એક ડગલુંય ચાલે નહિ. મહારાજ એ જ મારું જીવન છે. એવું સમજાઈ જાય તો ખપ છે એ વાત નક્કી.

હવે, જો ‘ખપ’ હોય તો એમની આજ્ઞા તો માથા સાટે હોવી જોઈએ. એક પણ આજ્ઞાનું ઉલ્લંઘન કેમ થાય ? જેને ભગવાનનું, સંતનું માહાત્મ્ય સમજાયું તેને, ભગવાનનો ‘ખપ’ હોય તેને એમની આજ્ઞા પાળવાનો ‘ખટકો’ સ્હેજે રહે જ.

હવે જો આજ્ઞા પાળવાનો ‘ખટકો’ ન રહે તો, ભગવાનનું માહાત્મ્ય સમજ્યા નથી. ભગવાનનો ખપ નથી. જેને ખપ હોય તેને સ્હેજે સ્હેજે આજ્ઞા પળાય. આજ્ઞા પાળવાનો ખટકો અચૂક રહે. મહારાજે આપણને શિક્ષાપત્રી, વચનામૃતમાં જે આજ્ઞા કરી છે તે હોંશેં હોંશે સરળતાથી ત્યારે જ પળાય જ્યારે મહારાજનો ‘ખપ’ હોય ! ખપ હોય તો ખટકો રહે જ !

પૂ. મોટા મહારાજશ્રીએ એપ્રિલ-૨૦૨૩ માં મહારાષ્ટ્રમાં પૂના ખાતે એક રિસોર્ટમાં શ્રી હરિશભાઈ વરૂ પૂનાના એક હરિભક્ત દ્વારા આયોજિત સભામાં રાત્રે ‘ખપ’ અને ‘ખટકા’ની વાત કરી હતી.

શ્રી હરિશભાઈએ સાત દિવસ મહારાષ્ટ્રના આ પ્રવાસમાં ‘દાદાખાચર’ની જેમ સર્વસ્વ અર્પણ કરી સમર્પણ શું કહેવાય તે દર્શાવેલ.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં લેખકોને લેખ લખવા સૂચન**

પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં સંપ્રદાયની રીત અને મર્યાદાને ધ્યાનમાં રાખી લેખક સંત-હરિભક્તો એ સારા સૂવાચ્ય અક્ષરે લખીને લેખ મોકલવા વિનંતી છે. વિદ્વાન લેખકોને ખાસ લખવા અમારું નમ્ર સૂચન છે.

**આપણા દરેક મંદિરોના કેલેન્ડર છાપવા અંગે સૂચન**

આપણા શિખરબધ્ધ અને હરિમંદિરો દ્વારા નવા વર્ષના કેલેન્ડર સંત-હરિભક્તો છપાવતા હોય છે. પરંતુ હવે પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીની ખાસ આજ્ઞા છે કે દરેક મંદિરના કેલેન્ડર આપણા કાલુપુર અમદાવાદ મંદિરથી જ છપાવવાના રહેશે. કેલેન્ડર છપાવતા સંતો-મહંતો અને હરિભક્તોએ ખાસ નોંધ લેવી.

# હિંડોળા ઉત્સવ

| તિથિ | તારીખ | વાર | હિંડોળા |
|---|---|---|---|
| અષાઢ વદ-૨ | ૫-૭ | બુધવાર | ફુલ |
| અષાઢ વદ-૩/૪ | ૬-૭ | ગુરુવાર | પ્લાસ્ટીકના મોતી |
| અષાઢ વદ-૫ | ૭-૭ | શુક્રવાર | કલર સર્કલ |
| અષાઢ વદ-૬ | ૮-૭ | શનિવાર | પેચ |
| અષાઢ વદ-૭ | ૯-૭ | રવિવાર | એક્રેલીક |
| અષાઢ વદ-૮ | ૧૦-૭ | સોમવાર | લખોટી |
| અષાઢ વદ-૯ | ૧૧-૭ | મંગળવાર | રેશમદોરી |
| અષાઢ વદ-૧૦ | ૧૨-૭ | બુધવાર | ચોકલેટ |
| અષાઢ વદ-૧૧ (અગિયારશ) | ૧૩-૭ | ગુરુવાર | સુકોમેવો |
| અષાઢ વદ-૧૨ | ૧૪-૭ | શુક્રવાર | કોડી |
| અષાઢ વદ-૧૩ | ૧૫-૭ | શનિવાર | ફુલ |
| અષાઢ વદ-૧૪ | ૧૬-૭ | રવિવાર | ફ્રુટ |
| અષાઢ વદ-૩૦ (અમાસ) | ૧૭-૭ | સોમવાર | જરી |
| અ.શ્રાવણ સુદ-૧ | ૧૮-૭ | મંગળવાર | કચ્છી પેચ |
| અ.શ્રાવણ સુદ-૨ | ૧૯-૭ | બુધવાર | સોપારી |
| અ.શ્રાવણ સુદ-૩ | ૨૦-૭ | ગુરુવાર | કોટન આર્ટ |
| અ.શ્રાવણ સુદ-૩ | ૨૧-૭ | શુક્રવાર | ચોકલેટ |
| અ.શ્રાવણ સુદ-૪ | ૨૨-૭ | શનિવાર | શાકભાજી |
| અ.શ્રાવણ સુદ-૫ | ૨૩-૭ | રવિવાર | ફુલ |
| અ.શ્રાવણ સુદ-૬ | ૨૪-૭ | સોમવાર | મુખવાસ |
| અ.શ્રાવણ સુદ-૭ | ૨૫-૭ | મંગળવાર | ચોરસ મોતી |
| અ.શ્રાવણ સુદ-૮ | ૨૬-૭ | બુધવાર | કમળ કાકડી |
| અ.શ્રાવણ સુદ-૯ (શ્રીહરિ જયંતી) | ૨૭-૭ | ગુરુવાર | સૂકોમેવો |
| અ.શ્રાવણ સુદ-૧૦ | ૨૮-૭ | શુક્રવાર | ગ્લાસ પાઈપ |
| અ.શ્રાવણ સુદ-૧૧ (અગિયારશ) | ૨૯-૭ | શનિવાર | નંગ |
| અ.શ્રાવણ સુદ-૧૨ | ૩૦-૭ | રવિવાર | મીનાકારી |
| અ.શ્રાવણ સુદ-૧૩/૧૪ | ૩૧-૭ | સોમવાર | વાઈટ પલ્સ |
| અ.શ્રાવણ સુદ-૧૫ (પૂનમ) | ૧-૮ | મંગળવાર | ડાયમંડ |
| અ.શ્રાવણ વદ-૧ | ૨-૮ | બુધવાર | ગોલ્ડન પીસ |

| તિથિ | તારીખ | વાર | હિંડોળા |
|---|---|---|---|
| અ.શ્રાવણ વદ-૨ | ૩-૮ | ગુરુવાર | વાસણ |
| અ.શ્રાવણ વદ-૩ | ૪-૮ | શુક્રવાર | ચલણી સિક્કા |
| અ.શ્રાવણ વદ-૪ | ૫-૮ | શનિવાર | ઈલાયચી |
| અ.શ્રાવણ વદ-૫/૬ | ૬-૮ | રવિવાર | મયુર |
| અ.શ્રાવણ વદ-૭ | ૭-૮ | સોમવાર | કાચના ટુકડા |
| અ.શ્રાવણ વદ-૮ | ૮-૮ | મંગળવાર | ચોકલેટ |
| અ.શ્રાવણ વદ-૯ | ૯-૮ | બુધવાર | અનાજ |
| અ.શ્રાવણ વદ-૧૦ | ૧૦-૮ | ગુરુવાર | છીપ |
| અ.શ્રાવણ વદ-૧૧ | ૧૧-૮ | શુક્રવાર | ફ્રુટ |
| અ.શ્રાવણ વદ-૧૧ (એકાદશી) | ૧૨-૮ | શનિવાર | સુકો મેવો |
| અ.શ્રાવણ વદ-૧૨ | ૧૩-૮ | રવિવાર | ડાયમંડ |
| અ.શ્રાવણ વદ-૧૩ | ૧૪-૮ | સોમવાર | હંસ |
| અ.શ્રાવણ વદ-૧૪ | ૧૫-૮ | મંગળવાર | રાષ્ટ્રધ્વજ |
| અ.શ્રાવણ વદ-૩૦ (અમાસ) | ૧૬-૮ | બુધવાર | ડાયમંડ પેચ |
| શ્રાવણ સુદ-૧ | ૧૭-૮ | ગુરુવાર | સિલ્વર પીસ |
| શ્રાવણ સુદ-૨ | ૧૮-૮ | શુક્રવાર | ચોકલેટ |
| શ્રાવણ સુદ-૩ | ૧૯-૮ | શનિવાર | મુખવાસ |
| શ્રાવણ સુદ-૪ | ૨૦-૮ | રવિવાર | ચરણ ચિન્હ |
| શ્રાવણ સુદ-૫ | ૨૧-૮ | સોમવાર | ફુલ |
| શ્રાવણ સુદ-૬ | ૨૨-૮ | મંગળવાર | નંગ |
| શ્રાવણ સુદ-૭ | ૨૩-૮ | બુધવાર | વુડન આર્ટ |
| શ્રાવણ સુદ-૮ | ૨૪-૮ | ગુરુવાર | કાચના મોતી |
| શ્રાવણ સુદ-૯ (શ્રીહરિ જયંતી) | ૨૫-૮ | શુક્રવાર | સુકોમેવો |
| શ્રાવણ સુદ-૧૦ | ૨૬-૮ | શનિવાર | ગોલ્ડન પેચ |
| શ્રાવણ સુદ-૧૧ (એકાદશી) | ૨૭-૮ | રવિવાર | પવિત્રા |
| શ્રાવણ સુદ-૧૨ | ૨૮-૮ | સોમવાર | ચોકલેટ |
| શ્રાવણ સુદ-૧૩ | ૨૯-૮ | મંગળવાર | મીનાકારી પીસ |
| શ્રાવણ સુદ-૧૪ | ૩૦-૮ | બુધવાર | એક્રેલીક પીસ |
| શ્રાવણ સુદ-૧૫/૧ (પૂનમ) | ૩૧-૮ | ગુરુવાર | રાખડી |
| શ્રાવણ વદ-૨ | ૧-૯ | શુક્રવાર | જરી કસબ |

# પવિત્ર અધિક માસ

| તિથિ | તારીખ | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| શ્રા. સુદ-૧ મંગળવાર | ૧૮-૭ | ગ્વાલબાલ દર્શન | ૮-૦૫ |
| શ્રા. સુદ-૨ બુધવાર | ૧૯-૭ | રથયાત્રા | ૮-૦૫ |
| શ્રા. સુદ-૩ ગુરુવાર | ૨૦-૭ | શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ | ૬-૩૦ અભિષેક/ ૮-૩૦ અન્નકૂટ |
| શ્રા. સુદ-૩ શુક્રવાર | ૨૧-૭ | પરશુરામ જયંતી | ૮-૦૫ |
| શ્રા. સુદ-૪ શનિવાર | ૨૨-૭ | ગણેશ પૂજન | ૮-૦૫ |
| શ્રા. સુદ-૫ રવિવાર | ૨૩-૭ | વસંત પંચમી<br>હવેલી ઘનશ્યામ મહારાજનો પાટો. | ૮-૦૫ |
| શ્રા. સુદ-૬ સોમવાર | ૨૪-૭ | કુંજગલી દર્શન | ૮-૦૫ |
| શ્રા. સુદ-૭ મંગળવાર | ૨૫-૭ | શાકોત્સવ | ૮-૦૫ |
| શ્રા. સુદ-૮ બુધવાર | ૨૬-૭ | રાધાષ્ટમી | ૮-૦૫ |
| શ્રા. સુદ-૯ ગુરુવાર | ૨૭-૭ | રામનવમી, શ્રીહરિ જયંતી<br>બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ<br>મહારાજનો પાટોત્સવ | <br>૬-૩૦ અભિષેક<br>૮-૦૫ શણગાર |
| શ્રા. સુદ-૧૦ શુક્રવાર | ૨૮-૭ | વિજ્યા દશમી | ૮-૦૫ શણગાર |
| શ્રા. સુદ-૧૧ શનિવાર | ૨૯-૭ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. સુદ-૧૨ રવિવાર | ૩૦-૭ | રંગમહોલ ઘનશ્યામ<br>મહારાજનો પાટોત્સવ<br>વામન બારસ | ૬-૩૦ અભિષેક<br>૮-૦૫ શણગાર<br>૮-૦૫ |
| શ્રા. સુદ-૧૪ સોમવાર | ૩૧-૭ | નૃસિંહ જયંતી | ૮-૦૫ |
| શ્રા. સુદ-૧૫ મંગળવાર | ૧-૮ | શરદોત્સવ | ૮-૦૫ |
| શ્રા. વદ-૧ બુધવાર | ૨-૮ | કેશર સ્નાન<br>શણગાર આરતી | ૬-૩૦<br>૮-૦૫ |
| શ્રા. વદ-૨ ગુરુવાર | ૩-૮ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. વદ-૩ શુક્રવાર | ૪-૮ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. વદ-૪ શનિવાર | ૫-૮ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. વદ-૫ રવિવાર | ૬-૮ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. વદ-૭ સોમવાર | ૭-૮ | હિંડોળા | ૮-૦૫ |
| શ્રા. વદ-૮ મંગળવાર | ૮-૮ | જન્માષ્ટમી | ૮-૦૫ |
| શ્રા. વદ-૯ બુધવાર | ૯-૮ | નંદ મહોત્સવ | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૦ ગુરુવાર | ૧૦-૮ | છપૈયા દર્શન | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૧ શુક્રવાર | ૧૧-૮ | વનવિચરણ | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૧ શનિવાર | ૧૨-૮ | હિમાલય દર્શન | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૨ રવિવાર | ૧૩-૮ | સમૂહ મહાપૂજા મુખ્ય યજમાન | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૩ સોમવાર | ૧૪-૮ | શિવરાત્રિ શિવ પૂજન | ૮-૦૫ |
| શ્રા. વદ-૧૪ મંગળવાર | ૧૫-૮ | શ્રી હનુમાનજીનું પૂજન | ૮-૦૫ |
| શ્રા. વદ-૩૦ બુધવાર | ૧૬-૮ | અન્નકૂટ ગોવર્ધન પૂજા | ૭-૩૦ |

# સંવત ૨૦૭૯-૮૦ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| અમદાવાદ શહેર ચોર્યાસી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી વ્રજભૂષણદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) |
| કણભા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર) |
| બાલાસિનોર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર) |
| આંતરોલી | સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (એપ્રોચ) |
| લુણાવાડા | સ.ગુ. સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી |
| મારૂસણા-કટોસણા | સ.ગુ. સ્વામી રામપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સત્યસંકલ્પદાસજી (ધોળકા) |
| ટ્રેન્ટ સીતાપુર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| કપડવંજ | સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી આનંદપ્રસાદદાસજી (કાલુપુર) |
| વિહાર-ગેરીતા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (સિધ્ધપુર) |
| વડું-ડાંગરવા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી (કલોલ) |
| બાલવા | સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ઉનાવા) |
| ભાત-કાસીન્દ્રા | સ.ગુ. સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી (કાલુપુર) |
| વિરમગામ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| લાંઘણજ | સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી |
| મોખાસણ | સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજી |
| ઉંઝા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કલોલ) |
| બનાસકાંઠા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કોટા) |
| પોર-વાવોલ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજ) |
| ધમાસણા | સ.ગુ. સ્વામી આનંદસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી (એપ્રોચ) |
| ખાખરીચા | કોઠાર હસ્તક |
| પ્રાંતિજ-મોડાસા | સ.ગુ. સ્વામી પ્રાણજીવનદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (પ્રાંતિજ) |
| સાણંદ-ગોધાવી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બોપલ) |
| શિરોહી | સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિગોવિંદદાસજી (આબુ રોડ) |
| સાદરા-વાસણા | સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) |
| નળકંઠા | કોઠાર હસ્તક |
| કુંડાળ-રાજપુર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી સુવ્રતસ્વરૂપરૂપદાસજી (કાલુપુર) |
| સંતરામપુર | સ.ગુ. સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી |

**નોંધ : આ દેશમાં કોઈ નવું ગામનું નામ ઉમેરવું હોય તો મુનિ સ્વામીનો સંપર્ક કરવો**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**વૈશાખ સુદ-૧** પ.ભ.અ.નિ. ગોમતીબેન ગોવિંદભાઈ પટેલ (ઈટાદરા). **વૈશાખ સુદ-૨/૩** પ.ભ. પટેલ અમૃતભાઈ અંબાલાલ (સોજા), પ.ભ. કાછડીયા વૃષાંક નિલેશભાઈ (અમદાવાદ), પ.ભ. મોદી મંજુલોબેન હિરાલાલ (અમદાવાદ), પ.ભ. પારેખ રઘુભાઈ (અમદાવાદ), પ.ભ. ઠક્કર વિપુલભાઈ ઘનશ્યામભાઈ (ભુજ-કચ્છ). **વૈશાખ સુદ-૩** પ.ભ. પટેલ શિવાંગી અરવિંદભાઈ પરસોતમભાઈ (નવાગામ), પ.ભ.અ.નિ. પટેલ ગોદાવરીબેન કાનજીભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ સંગીતાબેન વિજયભાઈ (રડોદરા), પ.ભ. મૂલાણી મયંકભાઈ ચિમનલાલ (અમદાવાદ), પ.ભ. રાઠોડ ભાર્ગવ વિનોદકુમાર (અમદાવાદ), પ.ભ. વોરા ધરતીબેન પ્રફુલકુમાર (બાપુનગર), પ.ભ.અ.નિ. પટેલ ડાહ્યાભાઈ વિઠ્ઠલદાસ (અમદાવાદ), પ.ભ. ડૉ. રાકેશ મનહરલાલ ચોકસી (અમદાવાદ). **વૈશાખ સુદ-૪** પ.ભ.અ.નિ. રામજી વાલજી વરસાણી (માંડવી-કચ્છ), પ.ભ. મનજી કેસરા હિરાણી (માંડવી-કચ્છ). **વૈશાખ સુદ-૫** પ.ભ. દિનેશ રમેશ કેરાઈ (સુખપર-કચ્છ), પ.ભ.અ.નિ. મનજી પરબત (કોડકી-કચ્છ). **વૈશાખ સુદ-૭** પ.ભ. આશિષ દિનેશ કેરાઈ (માડંવી-કચ્છ), પ.ભ. રાજેશ મનુભાઈ પાંભર (બોપલ). **વૈશાખ સુદ-૮** પ.ભ. ધ્યાની વિમલ રાબડીયા (બળદીયા-કચ્છ). **વૈશાખ સુદ-૯** પ.ભ.અ.નિ. મનહરલાલ શાંતિલાલ ચોકસી. **વૈશાખ સુદ-૧૦** પ.ભ. પ્રવિણ ધ.પ. નનિતા કેરાઈ (કચ્છ), પ.ભ. જીતુભાઈ દરજી (અમદાવાદ), પ.ભ. વિશાલ નરેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ગૌરીબેન હિરાલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ કવિશ જયકુમાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. દિવાળીબેન વલ્લભભાઈ નસીત (અમદાવાદ), પ.ભ. કાંતિલાલ માવજી ખીમાણી (દહીંસરા-કચ્છ), પ.ભ. જયંતિભાઈ નટવરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. લલીતાબેન ચંદુભાઈ (અમદાવાદ), પ.ભ. ચંદ્રકાંત મહાશંકર ભટ્ટ (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ સવજીભાઈ (ભુજ-કચ્છ), પ.ભ. ચૌધરી જીવીબેન મણીલાલ (સમૌ). **વૈશાખ સુદ-૧૨** પ.ભ. ગોપાલ નારણ મનજી વેકરીયા (બળદીયા-કચ્છ), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. ગોવાભાઈ માધાભાઈ ચૌધરી (વેડા), પ.ભ. કનુભાઈ જેરામભાઈ બાબરીયા (અમદાવાદ), પ.ભ. પટેલ નારણભાઈ બળદેવભાઈ (ભાણપુર), પ.ભ. લાલભાઈ મનજી સંભાડીયા (માંડવી-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. રામજી પ્રેમજી વરસાણી (સુખપર-કચ્છ). **વૈશાખ સુદ-૧૩** પ.ભ. જગદીશ કલ્યાણ હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ.અ.નિ. ધનુબેન શિવજી (બળદીયા-કચ્છ), પ.ભ. ખીમજીભાઈ મેઘજી ગાજપરીયા (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. નગીનદાસ પ્રેમજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનસુખભાઈ ભગવાનભાઈ વઘાસીયા (વડોદરા). **વૈશાખ સુદ-૧૪** પ.ભ.અ.નિ. ધનજી શિવજી (કોડકી-કચ્છ), પ.ભ. જીવણભાઈ ભગવાનભાઈ કથીરીયા (સુરત), પ.ભ. હિરજી નારાણ મેપાણી (સુખપરરોહા-કચ્છ), પ.ભ. અમરબેન શિવજી ભૂડીયા (સુખપરરોહા-કચ્છ). **વૈશાખ સુદ-૧૫** પ.ભ.અ.નિ. કેશરબાઈ વિશ્રામ વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. માવજી વેલજી ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. રમેશચંદ્ર ભગવાનદાસ કાકડીયા (વસ્ત્રાલ), પ.ભ. પુરીબેન શામજીભાઈ વરસાણી (અમદાવાદ), પ.ભ. મુકેશકુમાર પરસોતમભાઈ પટેલ (આણંદ), પ.ભ. પટેલ પ્રદિપભાઈ ચતુરભાઈ (ગવાડા), પ.ભ. પટેલ અમૃતભાઈ પુંજીરામ (વેડા), પ.ભ. નિલેશભાઈ લાખાણી (ભુજ-કચ્છ), પ.ભ.અ.નિ. પ્રભાબેન રતીભાઈ ધોળકિયા (લાઠી), પ.ભ.અ.નિ. મેઘજીભાઈ લાલજીભાઈ પિંડોરીયા (ગોધરા-કચ્છ).

**વૈશાખ વદ-૧** પ.ભ. હરિકૃષ્ણ વેકરીયા (ભુજ-કચ્છ), પ.ભ. પટેલ જસવંતભાઈ ફુલાભાઈ (મોટેરા), પ.ભ.અ.નિ. અમરબાઈ કરશન હાલાઈ (દહીંસરા-કચ્છ). **વૈશાખ વદ-૨** પ.ભ. એમ. એસ. (વડોદરા), પ.ભ. પાર્થ - ઈશા પટેલ (બામણગામ), પ.ભ. એક હરિભક્ત (અમદાવાદ). **વૈશાખ વદ-૩** પ.ભ. શિવાની કાંતિભાઈ પટેલ (ચાંદખેડા), અ.નિ. સદ્. શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સદ્. સ્વામી કૃષ્ણકેશવદાસજી (મહેસાણા મંદિર), પ.ભ.અ.નિ. બળદેવભાઈ નરસંગભાઈ ચૌધરી (માણેકપુર), પ.ભ. ચૌધરી નરેન્દ્રભાઈ ગાંડાભાઈ (માણેકપુર), પ.ભ.અ.નિ. ઓધવજીભાઈ જાદવજીભાઈ પટેલ (મેડા). **વૈશાખ વદ-૪** પ.ભ.અ.નિ. રતનબેન શીવજી ભુવા (સુખપર-કચ્છ), પ.ભ. નિતેષભાઈ ભગવાનજીભાઈ મારવી (જીરાગઢ). **વૈશાખ વદ-૫** પ.ભ. રોનક ભરતભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ પટેલ (જોરણંગ), પ.ભ. પટેલ સંગીતાબેન વિજયભાઈ (રડોદરા), પ.ભ.અ.નિ. અંબાલાલ પ્રાણભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ.અ.નિ. હિરબાઈ ખીમજી ગોરસીયા (માનકુવા-કચ્છ). **વૈશાખ વદ-૬** પ.ભ. ચૌધરી સંતોષભાઈ જેઠાભાઈ (માણેકપુર), પ.ભ. સોલંકી ઓમ દિનેશભાઈ (અમદાવાદ). **વૈશાખ વદ-૭** પ.ભ. સૌરભકુમાર જોશી (અમદાવાદ). **વૈશાખ વદ-૮/૯** પ.ભ. ગોવિંદ લક્ષ્મણ ગોરસીયા (સુખપર-કચ્છ), પ.ભ. નાનજીભાઈ મારૂ (મોહન ભગત ગુરુ સ્વા. ભગવાનદાસજી (જુનાગઢ), પ.ભ. રવિ એન. પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. લીલાધરભાઈ ગણેશભાઈ (સરવાળ). **વૈશાખ વદ-૧૦** પ.ભ. વનિશા કાંતિ હાલાઈ (યુ.કે.), પ.ભ. મીનાબેન પ્રિતેશકુમાર (સાંગણપુર), પ.ભ. હિતેશભાઈ આર. પટેલ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ (બોપલ), પ.ભ.અ.નિ. રમણભાઈ મગનભાઈ પટેલ (બાયડ), પ.ભ. હરિદર્શન લાલભાઈ સોની (અમદાવાદ). **વૈશાખ વદ-૧૨** પ.ભ. રામજી નારણ દબાસીયા (કોડકી-કચ્છ), પ.ભ. વાલજી હરજી મેપાણી (બળદીયા-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજ પ્રસન્નાર્થે (અમદાવાદ), પ.ભ. કિશોરભાઈ ભીખાભાઈ ક્યાડા (નિકોલ), પ.ભ. પરબત રવજી હિરાણી (સુખપરરોહા-કચ્છ), પ.ભ. મધુકર એસ. લખણાણી (કલોલ), પ.ભ.અ.નિ. વેલજીભાઈ લાલજીભાઈ હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. ગોવિંદભાઈ માધવલાલ (વડુ). **વૈશાખ વદ-૧૩** પ.ભ. લાભુબેન કલ્યાણભાઈ ગઢીયા (સુરત), પ.ભ. નારણભાઈ અમરશીભાઈ હડીયલ (હળવદ), પ.ભ. અરવિંદભાઈ પ્રહલાદભાઈ પટેલ (મોખાસણ), પ.ભ.અ.નિ. ગંગાબેન પોપટલાલ (પલીયડ), પ.ભ. પટેલ તેજલબેન જનકભાઈ (ગાંધીનગર). **વૈશાખ વદ-૧૪** પ.ભ.અ.નિ. તેજબાઈ શિવજી હાલાઈ (દહીંસરા-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ નટવરભાઈ પટેલ (કલોલ), પ.ભ. રમેશભાઈ પટેલ (વડુવાળા-અમદાવાદ). **વૈશાખ વદ-૩૦** પ.ભ.અ.નિ. પરસોતમભાઈ પુનાભાઈ કથીરીયા (પીઠવડી), પ.ભ.અ.નિ. લાલજીભાઈ નાનજીભાઈ વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. પટેલ અર્થવ રોમિતભાઈ (કડી).

**જેઠ સુદ-૧** પ.ભ. ભક્તિ વિશાલ પટેલ પરિવાર (અમદાવાદ), પ.ભ. કોકીલાબેન રતીલાલ પટેલ (વડોદરા), પ.ભ. પટેલ કનુભાઈ બાબુભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. વિદુલાબેન મહેન્દ્રભાઈ, પ.ભ. દિશાંક નિલેશભાઈ કાછડીયા (અમદાવાદ), પૂ. સ.ગુ. મહંત શા.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

સ્વામી પી.પી. સ્વામીના સન્માન સમારોહ નિમિત્તે (કાલુપુર મંદિર), પ.ભ.અ.નિ. કરશન શામજી તથા અ.નિ. પૂ. શ્રીરંગદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિ અર્થે (રામપર વેકરા-કચ્છ), (સાંજની રસોઈ) પૂ. મહંત શા. પી.પી. સ્વામીની નિયુક્ત નિમિત્તે (હ. સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી). **જેઠ સુદ-૨** પ.ભ. યોગેશ રસિકલાલ ચૌહાણ (અમદાવાદ), પ.ભ. ભક્તિ વિશાલ પટેલ સહ પરિવાર (બામણગામ), પ.ભ. જયંતિભાઈ ભીખાભાઈ ઢોલરીયા (વાંસયાળી), પ.ભ. શાંતિભાઈ નારણભાઈ બૂટીયા (બળોલ-ભાલ), પ.ભ. રાકેશભાઈ ગીરીશભાઈ ભટ્ટ (બાલવા). **જેઠ સુદ-૩** પ.ભ. પટેલ ડાહ્યાભાઈ જોઈતારામભાઈ (ખેરવા), પ.ભ.અ.નિ. કરશન માવજી વરસાણી (મિરજાપુર-કચ્છ), પ.ભ. સોની હરિન્દ્ર મિતેષભાઈ ધોળકિયા (રાજકોટ). **જેઠ સુદ-૪** પ.ભ.અ.નિ. કરશનભાઈ વિશ્રામ છભાડીયા (માંડવી-કચ્છ), પ.ભ. કરશન દેવજી હિરાણી (કેરા-કચ્છ), પ.ભ. કૃણાલ દેવેન્દ્રભાઈ પંડ્યા (અમદાવાદ), પ.ભ. રામજી પ્રેમજી વરસાણી (સુખપર-કચ્છ). **જેઠ સુદ-૫** પ.ભ.અ.નિ. ધીરૂભાઈ હિરાભાઈ (આકરૂંદ). **જેઠ સુદ-૬** પ.ભ. પ્રેમબાઈ કાનજી વેકરીયા (માંડવી-કચ્છ). **જેઠ સુદ-૭** પ.ભ. નાનજીભાઈ વિરજીભાઈ પીઠડીયા (નિકોલ). **જેઠ સુદ-૮** પ.ભ. રીટાબેન કેતનભાઈ પટેલ, પ.ભ. સંદિપભાઈ જોશી (પોરબંદર), પ.ભ. ભાર્ગવકુમાર અમૃતલાલ (અમદાવાદ), પ.ભ. કાંતિભાઈ ભીખાભાઈ. **જેઠ સુદ-૯** અ.નિ. સદ્. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (બ્રહ્મચારી) (કલોલ), પ.ભ. પટેલ જતીનકુમાર મનહરભાઈ (ધનસુરા), સાંખ્યયોગી રામબાઈ લાલજી હિરાણી (ભુજ-કચ્છ), પ.ભ. આલોક પૂર્વિ જાન્વી દવે (અમદાવાદ). **જેઠ સુદ-૧૦** પ.ભ. ગોપાલ લાલજી વેકરીયા પરિવાર (સુખપર-કચ્છ), પ.ભ. ડૉ. ગંગારામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રિકિન નરેશભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. મંગુબેન કાંતિલાલ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. સચિન અશોકભાઈ પટેલ. **જેઠ સુદ-૧૧** પ.ભ. વાલબાઈ નારણ જેસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. અમરકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ (અમદાવાદ), સાંખ્યયોગી ભારતીબા, સાંખ્યયોગી મંજુબા (હવેલી-અમદાવાદ). **જેઠ સુદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. રમેશભાઈ ભક્તિદાસ (રાજપુર-કડી), પ.ભ. પટેલ દિલીપભાઈ (કરજીસણ), પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ભાવસારભાઈ (અમદાવાદ), પ.ભ. ચોકસી મનીષભાઈ જીતુભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ પ્રિયંકાબેન નંદુભાઈ (સાચોદર), પ.ભ.અ.નિ. અરવિંદભાઈ દેવસીભાઈ રાઠોડ (આણંદ), પ.ભ. અંકિત હર્ષદ ઠક્કર, પ.ભ. રમેશભાઈ મોહનભાઈ ચોટલીયા (નવસારી). **જેઠ સુદ-૧૩** પ.ભ. કિશિવ હરિકૃષ્ણભાઈ રાખોલીયા (સુરત), પ.ભ. પટેલ દશરથભાઈ (ડુંગરીવાળા) (અમદાવાદ), હવેલી મહિલા મંડળ કાલુપુર મંદિર, પ.ભ. દશરથભાઈ કાનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ રઈબેન હિરાભાઈ (ડાંગરવા), પ.ભ.અ.નિ. હરિભાઈ કરશનભાઈ રાદડીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. કુવરજી માવજી પિંડોરીયા (કચ્છ), પ.ભ. ભરતભાઈ કાંતિલાલ પટેલ (કડી). **જેઠ સુદ-૧૪** પ.ભ. જયંતીભાઈ કાળુભાઈ નાકરાણી (સુરત). **જેઠ સુદ-૧૫** પ.ભ. પારૂલબેન ગૌતમભાઈ પટેલ (સુરજ), પ.ભ. પટેલ સોનલબેન મેહુલભાઈ (વાલોલ), પ.ભ. રજનીકાંતભાઈ પી. પટેલ (અમદાવાદ), પ.ભ. હરજી ગાંગજી સહ પરિવાર (માંડવી-કચ્છ), પ.ભ. સોની કૌશલ અશ્વિનભાઈ (બોપલ), પ.ભ. પટેલ ભાવિક સંજયભાઈ (ઉનાવા), પ.ભ. શ્રૃષ્ઠિ પરબત ગોરસીયા (બળદીયા-કચ્છ), પ.ભ. પૂજા કેતનભાઈ પટેલ, પ.ભ. અમિત વિષ્ણુભાઈ પટેલ (ગાંધીનગર).

**જેઠ વદ-૨** પ.ભ.અ.નિ. દેવસી હિરજી ભુડીયા (સુખપર-કચ્છ), અ.નિ. સદ્. મહંત સ્વામી જગદીશપ્રકાશદાસજી (ધોળકા), પ.ભ. રસિકલાલ ફકીરચંદ મોદી (વિસનગર). **જેઠ વદ-૩** પ.ભ. હર્ષ રજનીકાંત પટેલ (સાબરમતી), પ.ભ. મોનાબેન મહેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. જીયાબેન બિપીનભાઈ પટેલ (મોયદ), પ.ભ. હિરજી રત્ના હિરાણી (ગોધરા-કચ્છ), પ.ભ. પિયુષ દશરથભાઈ પટેલ (કલોલ). **જેઠ વદ-૪** શ્રી સહજાનંદ એન્જીનિયર્સ (બોપલ), પ.ભ. સુરભીબેન પંકજભાઈ ત્રિવેદી (અમદાવાદ). **જેઠ વદ-૫** પ.ભ. પટેલ જગદીશચંદ્ર રતીલાલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. પરસોતમભાઈ કાનજીભાઈ વાસાણી (રવાપર-કચ્છ). **જેઠ વદ-૭** પ.ભ.અ.નિ. કમળાબા બળદેવસિંહ વાઘેલા (અમદાવાદ), પ.ભ. કાંતાબેન પ્રહલાદભાઈ (ડાંગરવા), પ.ભ. અર્શી જય પટેલ (અમદાવાદ), પ.ભ. ભોગીલાલભાઈ સી. પટેલ (અમદાવાદ), પ.ભ. જાહ્નવી પ્રિયાન્સી - હિનાલી જયેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. શ્રી દેવુ ભગત જયસિયારામ - શ્રી કિશોરભાઈ મોઢા (રાણાકંડોરાણા). **જેઠ વદ-૮** પ.ભ. સિવન્યાબેન ખૂંટ (અમદાવાદ), પ.ભ. નિલેશભાઈ લલ્લુભાઈ માંગુકિયા (નિકોલ), પ.ભ. હિરાબેન ગોવિંદભાઈ પટેલ (રાણીપ), પ.ભ. કલાવતીબેન વિરેન્દ્રભાઈ, પ.ભ. કિંજલબેન જસુભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. પટેલ ભરતભાઈ કરશનભાઈ (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ પી. વકીલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. જયસુખભાઈ નારણભાઈ કથીરીયા (સુરત). **જેઠ વદ-૯** પ.ભ. પટેલ વસંતભાઈ નટવરલાલ (સોજા). **જેઠ વદ-૧૦** પ.ભ. પટેલ કુસુમબેન રજનીકાંત (અમદાવાદ), પ.ભ.અ.નિ. વાલબાઈ લાલજી કેરાઈ (રામપર-વેકરા-કચ્છ). **જેઠ વદ-૧૧** પ.ભ. રત્નાકર નિરંજનભાઈ લાખાણી (અમદાવાદ). **જેઠ વદ-૧૨** પ.ભ.અ.નિ. વિરચંદભાઈ ભાવસાર (સરસપુર-અમદાવાદ), પ.ભ. ગોવિંદભાઈ ખીમજી પિંડોરીયા (નારાયણપર-કચ્છ), પ.ભ. પટેલ મધુબેન સોમદાસ (સાણંદ), પ.ભ. પટેલ સોમાભાઈ વાઘજીભાઈ (ધનસુરા), પ.ભ. સોમબાઈ શિવજી રૂપાલીયા (સુખપર-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **જેઠ વદ-૧૩** પ.ભ. યુવરાજ અર્જુનભાઈ સોની (અમદાવાદ), પ.ભ.અ.નિ. નટવરભાઈ ગિરધરભાઈ ગજ્જર (અમદાવાદ), પ.ભ. મનહરભાઈ શીવાભાઈ અમીન (વસો). **જેઠ વદ-૧૪** પ.ભ. રિધિકા વરૂણકુમાર પટેલ (માઉન્ટ આબુ). **જેઠ વદ-૩૦** પ.ભ.અ.નિ. પુંજલદાસની પુણ્યતિથિ નિમિત્તે (લક્ષ્મણપુરા), શ્રી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રકચર (ચાંદખેડા), પ.ભ. સુરેશકુમાર મણીલાલ સોની (અમદાવાદ), પ.ભ. ચંદ્રિકાબેન જયંતીલાલ પટેલ (પોર), ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર પદયાત્રા નિમિત્તે પ.ભ.અ.નિ. રસિકલાલ ડાહ્યાલાલ ભાવસાર, પ.ભ. વાલજીભાઈ જીવરાજભાઈ વેકરીયા (ચાંદખેડા)

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





કાલુપુર મંદિરમાં કેસર સ્નાન કરાવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજીમહારાજશ્રી અને ઠાકોરજી સમક્ષ કેસર કેરીનો અન્નકૂટ



કાલુપુર મંદિર સભામંડપમાં પૂનમની સભામાં દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિરમાં યુવકોને પ્રેરણા પૂરી પાડતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ઈડર શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિરમાં યુવકોને પ્રેરણા પૂરી પાડતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ન્યુ રાણીપ મંદિરના દશમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

**Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023**



મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં સભામાં આશીર્વાદ પાઠવતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



એડીલેડ(ઓસ્ટ્રેલિયા) મંદિરમાં સભામાં શાકોત્સવ કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





ગ્રીફીથ (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં શાકોત્સવમાં શાક વઘારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



પર્થ (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં શાકોત્સવમાં શાક વઘારતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



બોરોનિયા મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) મંદિરમાં બાળ મંડળ સાથે
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

Praful Kharsani@gmail.com